સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ડિસેમ્બર, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–











મકરપુરા-વડોદરાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ

## ‘મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ’ તથા ‘શ્રીપુરુષોત્તમ પ્રકાશ કથા પારાયણ’

(તા. ૮ થી ૧૨-૧૨-૨૦૧૮)














મકરપુરા-વડોદરાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીપુરુષોત્તમ પ્રકાશ કથા પારાયણ' (તા. ૮ થી ૧૨-૧૨-૨૦૧૮)

૧. મહોત્સવનું દીપ પ્રાગટ્ય કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૨. કથાવક્તા પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામીને હાર પહેરાવી આશીર્વાદ આપતાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૩. મંદિર બિરાજમાન થનાર ઠાકોરજીની શોભાયાત્રા. ૪. કળશપૂજન. ૫. ધ્વજદંડ પૂજન. ૬. વડીલજનો માટે લીફ્ટ-યંત્રનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭-૮-૯. સભામંચ તથા લાભ લેતા વિશાળ સંખ્યામાં હરિભક્તો. ૧૦. મંદિર સભામંડપના ઉદ્‌ઘાટન સયમે પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે સમૂહ તસ્વીરમાં સંતો તથા મકરપુરા યુવકમંડળ. ૧૧. મકરપુરા વિસ્તાર સત્સંગ સમાજ તથા યજમાનશ્રીઓ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ



# સ્વામિનારાયણ ચિંતન


પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૬ । અંક :- ૧૧ । તારીખ :- ૨૦ ડિસેમ્બર, ૨૦૧૮

**પ્રસિદ્ધ કર્તા**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**મું. સરધાર, તા.જી. રાજકોટ**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ : $ 200 U.S.A., £ 125 U.K.*

: છબીકલા :
શિવલાલ સુદાણી – બારમણ મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦
મનિષ પટેલ – મો. ૯૮૨૫૦ ૪૨૦૯૬


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


લવાજમદર અંગે
ગ્રાહક પત્ર વ્યવહાર

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com


## અતિકારુણ્યનયનાય નમઃ

ભગવાન શ્રીહરિના નેત્રોમાં **કરુણા** ભરી છે, કોઈ સ્વાર્થ ભર્યો નથી, આખું જગત પરમાત્માને બ્રહ્મરૂપ ભાસે છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે : 'अतिकारुण्यनयनाय नमः।' - હે પ્રભુ ! તમારા નેત્રોમાંથી કરુણા વરસે છે. તમે કરુણામય દૃષ્ટિવાળા છો. ભગવાનના નેત્રોમાં લોભ, કામ-ક્રોધ નથી, રાગ કે દ્વેષ નથી, કેવળ કરુણા ભરી છે.

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી 'ઓરડાના પદો'માં લખે છે : **'વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર...'** (પદ - ૨)

દીનાનાથ ભટ્ટ કહે છે : 'करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनं । पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ।।' - કરુણાપૂર્ણ નેત્રવાળા, શરણે આવેલા જનોના દુઃખને દૂર કરનારા, પતિત જનોના ઉદ્ધાર કરવામાં તત્પર એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથના માહાત્મ્ય ભાગમાં ગ્રંથના શ્રવણથી કલ્યાણજી વિપ્રનો ભગવદ્દર્શન થયું ત્યારે તો કહે છે : 'करुणामृतसम्पूर्णपारिप्लवनिरीक्षणम् । आजानुलम्बिसद्बाहुं समविस्तीर्णवक्षसम् ।।' - નવીન ખીલેલા કમળપત્ર સમાન શોભતા નયનવાળા કરુણારૂપી અમૃતરસથી ભરપૂર દૃષ્ટિથી ભક્તજનોને જોનારા, જાનુપર્યન્ત લાંબા સુંદર હાથવાળા, વિશાળ અને સરખી છાતીવાળા... એ શ્રીહરિને હું દિવ્યરૂપે પ્રગટ પ્રમાણ નીરખું છું.

(શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય ભાગ : ૮/૧૬)

## અનુક્રમણિકા



૦૧ | કહાં કહું હરિ કરૂણા તેરી | ૦૪
૦૨ | ભગવાનની વિવિધ કરૂણા | ૦૯
૦૩ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૬



15મો શ્રી સ્વામિનારાયણ બાળ યુવા મહોત્સવ
17 થી 21 MAY 2019
તીર્થધામ સરધાર

હમારા લક્ષ્ય
विश्व का कल्याण ही...
લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| | | |
|---|---|---|
| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



# કહાં કહું હરિ કરુણા તેરી



લેખાંક : ૨

करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनं । पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ।।

**શાસ્ત્રો અને મહાપુરુષોએ ભગવાન શ્રીહરિને કરુણાનિધાન, કરુણાભુવન, કરુણાધન, કરુણાનિધિ, કરુણાના ધામ, કરુણામય, કરુણારસમય, કરુણાના ભંડાર, કરુણાસિંધુ, કરુણાકંદ, કરુણાદ્રગ, કરુણાયતન, કરુણાલય, કરુણાભરણાં વગેરે અનેક નામોથી વર્ણવ્યા છે.**

**સાધુ અમૃતસ્વરૂપદાસજી,** ગુરૂ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## ગતાંકથી આગળ...

'આ બે દહાડાની જિંદગી મળી છે. આમાં તું તારું કામ કાઢી લે. અને યાદ રાખજે કે, તારું કામ તારે જ કરવું પડશે. પાડોશી નહિ કરી દે, પુત્ર-પરિવાર એ કોઈ જ નહિ કરી દે. ભજન અને ભોજન સ્વયં જાતે જ કરવું પડે. માટે ડાહ્યા ને સાવધાન બનીને શ્રેયની બાબતમાં લેશમાત્ર કચાશ રાખીશ નહિ.'

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે : "પેટનુંય કરવું, વેઠનુંય કરવું અને સાથે સાથે ઠેઠનું પણ કરવું. એને ભૂલી ન જવું." આ જગતમાં તમે વ્યાપક દૃષ્ટિ નાખશો તો ખબર પડશે કે, આખુંય જગત પલાઠી વાળીને બેઠું નથી. બધા દોડધામ કરે છે. તેના કારણમાં કાં પેટ હશે, કાં વેઠ હશે. ઠેઠની વાત તો કોઈક ભાગ્યશાળી પુરુષને સમજાય છે.

જ્યાં સુધી શરીર નીરોગી છે, વૃદ્ધાવસ્થા આવી નથી, ઈન્દ્રિયોની શક્તિ બરાબર છે, આયુષ્ય ખૂટી ગયું નથી ત્યાં સુધી આત્માના શ્રેય માટે બુદ્ધિજીવી મનુષ્યોએ પ્રયત્ન કરવો જોઈએ.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે : "કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારવો, ને કદાપિ કરોડ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો શું કર્યું ?" એક મોક્ષ બગડ્યો તો બધું જ બગડી ગયું. અને જો કરોડો કામ બગડ્યા ને એક મોક્ષ સુધરી ગયો તો બધું જ સુધરી ગયું. કારણ કે મનુષ્યની મોટામાં મોટી કોઈ જો કસોટી હોય તો એ છે 'મૃત્યુ.' મોત જેવી બીજી કોઈ મોટી કસોટી નથી. મૃત્યુ સુધારવા જેવું કોઈ મોટું કામ નથી અને મૃત્યુ બગાડ્યા જેવું કોઈ મોટું ગાંડપણ નથી.

સ્વામી **રામતીર્થ પરમહંસ** કહેતા :- 'જબ સે મૈને સુના હૈ કી જિંદગી કા નામ મોત હૈ, તબ સે મેં વહી કાતિલ કો ઢૂંઢતા ફિરતા હું.' જ્યારથી મેં સાંભળ્યું છે કે, જિંદગીનું નામ જ **મોત** છે ત્યારથી એને સુધારવા માટે રાત્રિ-દિવસ મહેનત કરું છું.

'કરોડો દાન દેતા મોંઘો મનુષ્ય દેહ મળતો નથી, તે પણ વૃથા કહેવાય જો હરિચરણમાં હળતો નથી.' મનુષ્યદેહનું મુખ્ય કર્તવ્ય એ છે કે પરમાત્માના સ્વરૂપમાં પ્રીતિ કરવી. કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ જેની પ્રાપ્તિ દુર્લભ છે. એ દુર્લભ પ્રાપ્તિ ક્યારે સાર્થક થાય ? એને શા માટે દુર્લભ કહી શકાય ? કારણ કે આ દેહે કરીને જ ભગવાનનું ભજન થઈ શકે છે. અને જો પરમાત્માનું ભજન ન થાય તો કરોડો રૂપિયા દેતા પણ જે મનુષ્યદેહ ન મળે, એ પણ વૃથા છે.

આપણા શાસ્ત્રકારો મનુષ્ય દેહ મળ્યા પછી શું કરવું તે સમજાવતાં કહે છે :

'लब्ध्वा सुदुर्लभमिदं बहुसम्भवान्ते मानुष्यमर्थदमनित्यमपीह धीरः । तूर्णं यतेत न पतेदनुमृत्यु यावन् निःश्रेयसाय विषयः खलु सर्वतः स्यात् ।।' - આ માનવદેહ જો કે અનિત્ય અને મૃત્યુથી ગ્રસ્ત છે, છતાં પણ એનાથી પરમ પુરુષાર્થની પ્રાપ્તિ થઈ શકે છે. એટલા માટે અનેક જન્મો પછી આ અત્યંત દુર્લભ માનવદેહ પ્રાપ્ત કરીને વિચારશીલ મનુષ્યે અત્યંત શીઘ્રતાથી મૃત્યુ પહેલા જ મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્ન કરી લેવો જોઈએ. (શ્રીમદ્ ભાગવત : ૧૧/૯/૨૯)

'बहुजनुर्भ्रमणोत्तरलम्भितां नरतनुं समवाप्य सुरोप्सिताम् । मतिमतामिदमेव मतेः फलं विषयतो विरतिश्च हरौ रतिः ।।४३।।' - અનંત જન્મના ભ્રમણના અંતે સુરવાંછિત મનુષ્યદેહ પ્રાપ્ત થયા પછી, બુદ્ધિવાળા મનુષ્યની બુદ્ધિનું આટલું જ **પરમફળ** છે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - એ પંચવિષયોમાંથી વૈરાગ્ય પામી, ભગવાન શ્રીહરિમાં પ્રીતિ કરવી. (શ્રી સત્સંગિજીવન : ૨/૫૧/૪૩)

ભગવાન શ્રી સ્વામિનારાયણ **ખગોળ-ભૂગોળના વચનામૃત**માં આ જ વાત સમજાવતાં કહે છે : "...અને ભરતખંડના સર્વ મનુષ્ય છે તે મોક્ષનો ઉપાય કરે તો મોક્ષ થાય એમ છે ને ન કરે તો ન થાય. માટે જે વિવેકી છે તેને હિંસાદોષરહિત થઈને કુસંગનો ત્યાગ કરી સદ્‌ગુરુ ને બ્રહ્મવેત્તા સંતનો આશ્રય કરીને તેમને સેવવા ને તે સદ્‌ગુરુ ને સંત તેમના લક્ષણ સદ્‌ગ્રંથને વિષે લખ્યાં છે જે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, જ્ઞાન એ આદિક શુભ ગુણ સંપન્ન હોય તેને ઓળખીને તેનો આશ્રય કરવો ને તે કહે તેવી રીતે તેમના વચનમાં પોતાના દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ તે રાખવાં ને ભગવાનનું ભજન કરવું એ જ મોક્ષનું સાધન છે. તે જેણે ભૂતકાળે કીધું ને વર્તમાનકાળે કરે છે ને ભવિષ્યકાળે કરશે તેને અમૂલ્ય મનુષ્ય દેહનો લાભ થયો એમ જાણવું ને તેને સમજુ ને મોટો જાણવો. અને એમ નથી સમજતો ને તુચ્છ સંસારના સુખમાં લોભાઈને કાળના કોળિયા એવા જે ખોટા મતવાદી ગુરુ તેના વચન માનીને આવો મનુષ્યદેહ અમૂલ્ય છે તેને ખુવે છે. ને તે જ ભક્તમાં તો ડાહ્યા કહેવાતા હોય તથા સમજુ કહેવાતા હોય તથા મોટા કહેવાતા હોય ને તેની જગતમાં યશ-કીર્તિ ઘણી હોય તે તો સર્વ સ્વપ્નતુલ્ય છે. તેને સાચું માનીને તેમાં મોહ પામ્યા છે ને મોક્ષનો ઉપાય નથી સમજતા તો તેને બ્રહ્મવેત્તા સાધુ ને સદ્‌ગ્રંથ છે તે તેમને મૂર્ખ કહે છે, આત્મઘાતી કહે છે ને તેમને પાછો ફરીને આવો મોક્ષક્ષેત્રમાં મનુષ્યનો દેહ મળવો તેનો વિલંબ તો ઘણો છે."

માણસ સવારે ઊઠે ત્યારથી અનેક પ્રકારના કામોમાં પરોવાઈ જાય. આખા દિવસમાં કરવાના કામોની નોંધ ટપકાવે પણ તેમાં ભગવાન ભજવાની નોંધ જ ન હોય. લૌકિક કામ ગમે તેટલું કરીએ પણ તે બાકી જ રહેવાનું છે. ગમે તે ક્ષણે મરવાનું નિશ્ચિત છે તો અતિ મહત્ત્વના કરવાના

કાર્યોમાં સૌથી ઉપર ભગવાન ભજવાનું કામ રાખવું. નહિતર પટેલના 'હટાણા' જેવું થાય. એક પટેલ ગાડું જોડીને શહેરમાં હટાણું કરવા નીકળ્યા. ફળિયાના લોકોએ પણ પોતાની વસ્તુઓ ખરીદી લાવવા કહ્યું. શહેરમાં જઈ પટેલે ફળિયાના લોકોની વસ્તુ પહેલા ખરીદી. ગાડું ભરાઈ ગયું. પોતાનું લેવાનું ભૂલી ગયા. ઘેર આવ્યા. લોકો પોતપોતાનું લઈ ગયા. પટલાણીએ પૂછ્યું : "આપણો સામાન ક્યાં ?" પટેલ કહે : "માળું, ઈ તો હું ભૂલી જ ગયો !"

આમ, જગતની પટલાઈના કાર્યોમાં જીવાત્માનું જીવન વહી જાય અને હરિભજન કરવાનું રહી જાય છે. મૃત્યુનો ભય રહે તો હરિભજન થાય. મૃત્યુની નોબત ક્યારે વાગે છે એ કોઈ કહી શકતું નથી. એટલે આપણા **શાસ્ત્રકારો** કહે છે કે હરિભજનમાં ક્યારેય વિલંબ ન કરવો.

પરીક્ષિત રાજાને શૃંગી ઋષિનો શાપ મળ્યો કે સાત દિવસમાં તને તક્ષક સર્પ કરડશે ને તારું મૃત્યુ થશે. કોઈના પણ મૃત્યુ માટે અઠવાડિયાના સાત વારમાંથી કોઈ એક વાર તો નિશ્ચિત જ છે. પરંતુ આ સાંભળી પરીક્ષિત રાજા ગભરાઈ ગયા. કેન્સર થયું છે એટલી જાણ થાય તોય કેટલાય લોકો મોત પહેલા મરવા જેવા થઈ જાય છે. પરીક્ષિતના સદ્‌ભાગ્યે તેને શુકદેવજી જેવા ગુરુ મળી ગયા અને સમજાવ્યું કે, "તું પશુબુદ્ધિનો ત્યાગ કર. મરવાનું તો નિશ્ચિત જ છે. તું દેહ નથી તું આત્મા છું, બ્રહ્મ છું, પરબ્રહ્મનો દાસ છું એમ માન." શુકદેવજી મહારાજના કારણે પરીક્ષિતને સાત દિવસમાં આ જ્ઞાન સિદ્ધ થઈ ગયું.

આ લોકમાં બુદ્ધિમાન પુરુષ કાળરૂપી મહાસર્પના મુખમાં પડેલા દેહને ક્ષણમાં નાશ પામનારો જાણીને પોતાનાં આત્યંતિક મોક્ષમાં કારણભૂત સ્વધર્મે યુક્ત ભગવાનનું ભજન તત્કાળ કરે. આમાં વાર લગાડવી નહિ.

ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી સત્સંગિજીવન ગ્રંથમાં **'નારાયણગીતા'માં ઉપદેશ આપતાં કહે છે :**

'कालाहितुण्डपतितं देहं च क्षणभङ्‌गुरम् ।  
विदित्वा बुद्धिमानत्र स्वार्थं संसाधयेद्‌दुतम् ।।  
स्वस्य या नरदेहस्य प्राप्तिर्देवार्थितस्य वै ।  
इयमेव कृपा ज्ञेया तदीया तु विचक्षणैः ।।'

આ લોકમાં બુદ્ધિમાન પુરુષ કાળરૂપી મહાસર્પના મુખમાં પડેલા દેહને ક્ષણમાં નાશ પામનારો જાણીને પોતાનાં આત્યંતિક મોક્ષમાં કારણભૂત સ્વધર્મે યુક્ત ભગવાનનું ભજન તત્કાળ કરે. આમાં વાર લગાડવી નહિ. દેવોને પણ પ્રાર્થનીય મનુષ્યદેહની જે પોતાને પ્રાપ્તિ, આ જ ભગવાનની અપાર કરુણા; વિચક્ષણ પુરુષોએ જાણવી.

(શ્રી સત્સંગિજીવન : ૨/૭/૯૫-૯૬)

'વૃદ્ધાવસ્થાએ ભજન કરવું જોઈએ' એમ જે ન સમજે તે 'મૂઢ' કહેવાય. અને 'વૃદ્ધાવસ્થાએ જ ભજન કરવું જોઈએ' એમ જે સમજે તે 'મહામૂઢ' કહેવાય. આ દેહ ક્યારે પડી જાય તેનો કોઈ નિરધાર નથી, તેથી તો એક કવિએ લખ્યું છે કે :

'ક્યા ભરોસા હે ઈસ જિંદગીકા,  
સાથ દેતી નહિ એ કીસી કા...ક્યા૦  
શ્વાસ રુક જાયેગી ચલતે ચલતે, શમા બુઝ જાયેગી જલતે જલતે;  
દમ નિકલ જાયેગા રોશની કા...ક્યા૦  
હમ રહે ના મહોબત રહેગી, દાસ્તાઁ અપની દુનિયા કહેગી;  
નામ રહ જાયેગા આદમી કા...ક્યા૦  
દુનિયા હે એક હકીકત પુરાની, ચલતે રહેના હે ઉસકી રવાની;  
ફર્જ પુરા કરો બંદગી કા...ક્યા૦'

મૃત્યુ તો બધાને આવશે જ, પરંતુ ત્યારે ભગવાનની કરુણા સિવાય કોઈ રક્ષણ નહીં કરે. તો પ્રશ્ન થશે કે, ભજન કરે એને શું મોત નહિ આવે ? તો પછી રક્ષણ એટલે શું ? શું ભગવાનના ભક્તનું અકસ્માતમાં મૃત્યુ ન થાય ? એ તો આસ્તિક હોય કે નાસ્તિક હોય, ભજન કર્યું હોય તોય ભલે ને ભજન ન કર્યું હોય તોય ભલે. મૃત્યુ તો દરેકનું નિશ્ચિત છે. તો પછી મૃત્યુ સમયે કઈ કરુણા કામ લાગે છે ?

જેમ નાસ્તિકને જીવનમાં વિપરીત પ્રસંગો આવે છે તેમ ભજન કરનારાને પણ વિપરીત પ્રસંગો તો આવે જ છે. ઈચ્છિત મૃત્યુના વરદાનવાળા પિતામહ ભીષ્મને પણ જવું પડ્યું તો પછી આપણે તો શું ? મૃત્યુ થવાનું જ છે તો પછી રક્ષા શું કામની ?

પરમાત્માની એટલી બધી 'કરુણા' છે, તે જેટલું સહન થઈ શકે તેટલું જ દુઃખ પોતાના ભક્તને આપે છે. તેઓ જાણે છે કે, ક્યો ભક્ત કેટલો દુઃખનો ભાર સહી શકે તેમ છે.

અજ્ઞાની જીવને જ્યારે પોતાના વર્તમાનકાલિક દેહના મૃત્યુ સમયે પાંચ પ્રકારની અસહ્ય પીડા ઘેરી વળે છે અને ત્યારે ભગવાન શ્રીહરિની કરુણા સિવાય બીજું કાંઈ કામ નથી આવતું.

**પાંચ પ્રકારની પીડા :** ૧. શરીર વેદનાત્મક ૨. સ્વજન મોહાત્મક ૩. પાપ સ્મરણાત્મક ૪. ભાવિ ચિંતાત્મક ૫. શરીર વિચ્છેદાત્મક.

### ૧. શરીર વેદનાત્મક પીડા :

પહેલી પીડા શરીરની હોય છે. મરણાસન વ્યક્તિ પાસે અથવા હોસ્પીટલમાં એક આંટો મારી આવો. મરનારની પીડાનું વર્ણન ન કરી શકાય. સૂવે તો સૂવાય નહીં, બેઠું થવાય નહીં, પડખું ફરાય નહીં, હલન-ચલન થાય નહીં. રૂંવાડે રૂંવાડે વેદના થતી હોય.

આપણા મહાપુરુષોએ કહ્યું છે કે, મનુષ્યને એક-એક રૂંવાડે બબ્બે રોગ હોય. મનુષ્યના રૂંવાડા સાડા ત્રણ કરોડ છે.

એટલે શાસ્ત્રકારો કહે છે કે, સાત કરોડ રોગ છે. એ બધાય એક-એક મિનીટ મુલાકાત લેવા આવે તો પણ મનુષ્યનું શું થાય?

અંતસમયે રૂંવાડે રૂંવાડે કરોડ વીંછીની વેદના થતી હોય, જ્યાં સ્પર્શ કરો ત્યાં વેદનાનાં ચિત્કાર થતા હોય. સ.ગુ. શ્રી **દેવાનંદ સ્વામી** કીર્તનોમાં વર્ણન કરતા કહે છે :

'રોમ કોટિ વીંછીની વેદના હો જાણજે,
બોંતેર કોઠામાં લાગે લાય રે...
મરવાને ટાણે, પ્રભુ વિના કોણ મુકાવે જમ મારથી૦'
'અંતકાળે લેવાને જમ આવિયા રે, રોમ કોટિ વીંછી તણી વેદના રે,
દુઃખ પામ્યો તું દૈવના ચોર... તોય જાણ્યા નહિ જગદીશને રે૦'

ગુંદરથી ચોંટાડેલા બે કાગળને છૂટા કરવા કઠિન છે. તેમને જુદા કરતી વખતે ક્યારેક તો ફાટી જાય છે. એવી જ રીતે અહંતા-મમતાના ગુંદરથી સ્થૂળ શરીર સાથે સંલગ્ન જીવાત્માને જ્યારે તેનાથી છૂટા થવાનું થાય છે, ત્યારે તેને અસહ્ય પીડાનો અનુભવ થાય છે. દેહથી છૂટા પડવાને લીધે થતા આ દુઃખને શરીર વેદનાત્મક પીડા કહેવામાં આવે છે.

## ૨. સ્વજન મોહાત્મક પીડા :

અંતસમયે પોતાના પરિવારના સભ્યો, પત્ની, પુત્ર, પૌત્ર - આ બધા કુટુંબીઓ એનો મોહ, એમાં હેત, આસક્તિ પીડા આપે છે. અરે રે! આટલા વર્ષો ભેગા રહ્યા પછી એને એકદમ છોડી દેવાના? એની સાથે ક્યારેય જોવાનું કે વાત કરવાનું પણ બનશે નહિ. જેની સાથે રહ્યા હોય એને અચનાક છોડવું કાંઈ સહેલું છે? **'રે શ્યામ તમે સાચું નાણું...'** એ પદ બોલી શકાય છે પણ મરવું તો કોઈનેય ન ગમે.

આપણે એરપોર્ટ ઉપર જઈએ કે રેલ્વે સ્ટેશને કે બસ સ્ટેશને જઈએ તો જોવા મળે કે, બે-ત્રણ મહિના માટે કે એકાદ વર્ષ માટે કોઈ દૂર જતું હોય ને તેને વળાવવા આવ્યા હોય તે બધાની આંખોમાં આસુંઓની ધારા વહેતી હોય.

સ્વજનને છોડીને જવાની પીડા બહુ મોટી છે. પરંતુ હવે સદાયને માટે જવાનું થાય છે ત્યારે કેટલું વસમું લાગે? અને ત્યારે જ આવે છે કે, હવે આ મારા કુટુંબ પરિવારનું કોણ? દીકરા નાના છે તેને કોણ સાચવશે? દીકરાને કોઈ હેરાન-પરેશાન કરી માલ-મિલકત ઝૂંટવી તો નહિ લે ને? દીકરીનું વેવિશાળ બાકી છે એનું શું થશે? આવી બધી કેટલીય ચિંતાઓ મનુષ્યને અંતસમે પીડા કરતી હોય છે. આવો મોહ જ્યાં સુધી છૂટે નહિ ત્યાં સુધી પીડા તો ન જ જાય.

## ૩. પાપ સ્મરણાત્મક પીડા :

માણસને અંત સમયે જે જે **પાપ** કર્યા હોય એ બધા જ સામે દેખાવા લાગે છે. જેમ ચલચિત્રની **સ્ટોરી**માં દશ્યમાન થાય છે તેમ આખી જિંદગીનું **ચલચિત્ર** દશ્યમાન થાય છે. ચલચિત્રમાં તો થોડી-થોડીવારે જાહેરાત આવે અને પાછી રીયલ સ્ટોરી શરૂ થતી હોય છે. જાહેરાત ચાલું હોય ત્યાં તમે હસો, બોલો, ઊઠો, બેસો, ખાવું-પીવું કે બાળકોને રમાડો તે બધું ચાલે. કોઈ તમને રોકે નહિ, પરંતુ જેવી જાહેરાત પૂરી થાય ને મુખ્ય સ્ટોરી શરૂ થાય પછી ઊભા થાવ તો? તુરંત આગળ-પાછળ બેઠેલા લોકો દેકારો કરી મૂકે! નીચે બેસી જાવ, નીચે બેસી જાવ... અરે! છીંક-ઉધરસ આવે તોપણ લોકો કોણીયું મારે, વાત કરો તો સુપરવાઈઝર આવીને ચૂપ કરાવી દે.

આમ, ચલચિત્રમાં રીયલ સ્ટોરી શરૂ થયા પછી બીજું કઈ ન કરતા ફક્ત જોવાનું જ હોય. જિંદગીનું પણ કાંઈક આવું જ છે. વ્યક્તિનું બાળપણ ને જુવાની જાહેરાત છે. રમતા રમતા પૂરી થઈ જાય અને પછી જ્યારે પથારીએ પડે ત્યારે રીયલ સ્ટોરી શરૂ થાય. પછી હલન-ચલન કે ખાવું-પીવું બધું બંધ થઈ જાય.

હલન-ચલન કરો તો છોકરા ના પાડે, ન માનો તો પછી મરણ પથારીએ યમદૂત આવી જાય. કરેલા કર્મ બધા નજર સામે દેખાવા લાગે. એટલે તો ઘણા કહેતા હોય છે કે, 'બાપા કંઈ બોલતા નથી, બસ ટગર ટગર જોયા કરે છે.' પણ એ ટગર-ટગર તે ફિલ્મ જોવે છે. કઈ ફિલ્મ? જે કાળા-ધોળા કર્યા છે, ન કરવાનાં કામો કર્યા છે, ન ખાવાનું ખાધું, ન પીવાનું પીધું, હિંસાઓ કરી, પરિવારજનોને દુઃખી કર્યા હોય વગેરે જિંદગીની રીયલ સ્ટોરીની ફિલ્મ.

આ બધા જ પાપો **મૂર્તિમાન** સામે આવે, મરવાની અંતિમ ઘડીએ એક ક્ષણમાં આખા જીવનના પચાસ, સાંઈઠ કે સિત્તેર વર્ષની સ્ટોરી 'થ્રી ડાયમેન્શન'માં નહિ પણ કેટલાય ડાયમેન્સન (Many dimensions) માં એક સાથે ફટાફટ આવી જાય.

એક સાથે બધા ચિત્રો નજર સામે આવી જાય. ભગવાન વ્યક્તિને મરતી વખતે આ પ્રૂફ બતાવે છે કે જો આ બધું તે કર્યું છે.

- જે સાસુ-સસરા દહેજ માટે પુત્રવધુઓને સળગાવી નાંખે છે તેનું શું થતું હશે?

- સગો દીકરો થઈને મા-બાપને રાખી ન શકતો હોય ને વૃદ્ધોને માર મારીને દુઃખી કરતો હશે એનું અંતકાળે શું થાય?

- રૂપિયાને માટે પાર્ટનરને દગો દે, જેથી તે કંઈ મેળનો ન રહે અને આખા પરિવારે સહિત આત્મઘાત કરીને મરી જાય... એ દગાખોરો ક્યાં જશે?

- વ્યાજખોરોના ચડતાં વ્યાજને લઈને બીચારા ગરીબલોકો આત્મહત્યા કરીને મોતને મીઠું કરી લેતા હોય... એ વ્યાજખોરોનું શું થશે?

- એક દીકરો જ જોઈએ છે તે માટે દીકરીઓને ગર્ભમાં જ

મારી નાંખે છે તેવા ભ્રૂણહત્યારાઓનું શું થતું હશે?

આ બધા જ પાપો મનુષ્યના અંતસમયે આવીને ઊભા રહે છે. આવા સમયે ભગવાન શ્રીહરિની કરુણા સિવાય કોઈ ન ઉગારી શકે ! પરંતુ માણસની જુવાની હોય એટલે બધું પેલી ચલચિત્રમાં આવતી જાહેરાતની જેમ જતું રહે છે.

આમ, આ દુનિયામાં બધે **જાહેરાતો** જ છે. કોઈ નાચ-ગાનમાં, કોઈ ખાન-પાનમાં કે કોઈ મોજ-મસ્તીમાં એમ બધા ફસાઈ જાય છે. પછી ઊંધે માથે લટકે... પગ ઉપર ને માથું નીચે. અત્યારે તેની મોજ આવતી હશે પણ પછી તો બડબડિયાં બોલી જવાના.

આખી જિંદગી કરેલા પાપો અંતસમયે પીડા આપે છે તે કોઈનેય છોડતા નથી. મૃત્યુ વખતે જીવાત્માને પોતાના જીવનભર કરેલા પાપોની સ્મૃતિ થાય છે અને સાથે સાથે પોતે ભગવાનનું ભજન નથી કર્યું, શાસ્ત્રોની આજ્ઞા નથી પાળી, સત્કર્મો કર્યા નથી, અને એ રીતે જીવન એળે ગયું, એવી બળતરાથી થતી પીડાને **પાપ સ્મરણાત્મક** પીડા કહેવામાં આવે છે.

### ૪. ભાવિ ચિંતાત્મક પીડા :

આ દેહ મૂક્યા પછી પાપોના ફળ રૂપે અનેક પ્રકારના નરકના દુઃખ ભોગવવા પડશે, અનેક પ્રકારની યોનિઓમાં ભટકીને ભયંકર અને અસહ્ય દુઃખ ભોગવવા પડશે, એ ચિંતાથી જીવાત્માને અસહ્ય પીડાનો અનુભવ થાય છે. ક્યારેક તો મૃત્યુ વખતે યમદૂતોના ભયંકર દર્શનથી અત્યંત ભય અને ત્રાસનો અનુભવ કરે છે.

અજ્ઞાની જીવન મરણ પથારીએ પડ્યો હોય ત્યારે એમ થતું હોય છે કે, હવે હું ક્યાં જઈશ ? આગળ કોઈ રસ્તો દેખાતો ન હોય, અંધકાર અને બિહામણાં સપના ડરાવી દેતા હોય છે. 'હવે મારું શું થશે ?' આ ચિંતા બહુ પીડા કરે છે.

### ૫. શરીર વિચ્છેદાત્મક પીડા :

નટ બોલ્ટ મારી દીધા હોય ને પછી પચાસ-સાંઈઠ વર્ષ સુધી એ જામી ગયા હોય તો પછી એ ખૂલે ? કેરોસીન મૂકો, તપાવો, ગમે તેમ કાકડી કરો તોય ખૂલે ? હથોડો મારો તોય કાટ ઉખડે જ નહિ. તેમ ૫૦-૬૦ વર્ષથી આ શરીરમાં જીવ રહ્યો હોય એ નોખો પડે ? દેહથી જીવ અલગ થાય તેની ભયંકર પીડા છે. કેવી પીડા ? તો દીવાલ ઉપર નાંખવાના લોખંડના કાંટાળા તારનું ગૂંચળું વાળ્યું હોય અને એમાં કોઈ ફસાઈ ગયો હોય અને પછી એનો હાથ પકડીને ખેંચીને બહાર કાઢવામાં આવે તો જેવી દશા એ શરીરની થાય, એવી જ દશા જીવને શરીર છોડતી વખતે થાય છે. જેવી સિંચોડામાં શેરડીની દશા થાય તેવી દશા જીવની થાય છે.

ગાય-ભેંસના છાણમાં એના પૂંછડાનો વાળ ચોંટી જાય ને છાણ સુકાઈ જાય પછી એ વાળ ખેંચવા જાવ તો વાળ તૂટી જાય. વાળ આખો કાઢવો હોય તો છાણના પોડાને તોડવું પડે તેમ આ જીવ શરીરમાં બંધાઈ જાય છે માટે નાડીઓ તોડીને તેમાંથી અલગ કરવામાં આવે છે.

આમ, પાંચ પ્રકારની વેદના-પીડા મૃત્યુ સમયે જીવાત્માને થાય છે. જીવને જન્મ, જરા કે વ્યાધિના દુઃખો કરતા મૃત્યુ સમયના ભયંકર દુઃખનો અનુભવ થાય છે. જો કે આ વેદનામાંથી ભગવાન શ્રીહરિની કરુણા જ બચાવી શકે. જે કરુણાથી ભગવાનના આશ્રિત એવા જ્ઞાની ભક્તને આવી પીડાનો અનુભવ કરવો પડતો નથી.

શુભાશુભ દેશકાળાદિકને લીધે, અંતરમાં પ્રવર્તતા વિભિન્ન યુગને લીધે કે જાગ્રતાદિક અવસ્થાને લીધે, મૃત્યુ સમયે ભગવાનથી વિમુખ જીવ અને ભગવાનના ભક્તને કેવા વિભિન્ન પ્રકારના અનુભવ થાય છે, તે વિષે **શ્રીજીમહારાજ** વચનામૃતમાં કહે છે :

- "..દેશ, કાળ, ક્રિયા, સંગ, ધ્યાન, મંત્ર, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ જેવા હોય તેવી પુરુષની મતિ થાય છે. તે જો સારા હોય તો સારી મતિ થાય છે અને ભૂંડા હોય તો ભૂંડી મતિ થાય છે. અને પુરુષના હૃદયને વિષે પરમેશ્વરની માયાના પ્રેર્યા થકા ચારે યુગના ધર્મ વારાફરતી વર્તતા હોય, તે જો અંતસમે સત્યયુગનો ધર્મ આવી જાય તો મૃત્યુ બહુ શોભી ઊઠે, અને ત્રેતા ને દ્વાપરનો ધર્મ આવે તો તેથી થોડું શોભે, અને કળિનો ધર્મ મુત્યુસમે આવે તો અતિશય ભૂંડું દેખાય. એમ અંતસમે સારું-નરસું તે તો કાળે કરીને છે અથવા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા છે. તેમાં જો અંતસમે જાગ્રત અવસ્થા વર્તતી હોય, તો પાપી હોય તે પણ બોલતા-ચાલતાં દેહ મૂકે છે અને અંતસમે સ્વપ્ન અવસ્થા વર્તતી હોય તો ઝંખ્યા જેવું કાંઈ ને કાંઈ બોલતો થકો ભગવાનનો **ભક્ત** હોય તોપણ દેહ મૂકે અને અંતસમે સુષુપ્તિ અવસ્થા પ્રધાન વર્તે તો ભગવાનનો ભક્ત હોય અથવા વિમુખ હોય તોપણ ઘેનમાં ને ઘેનમાં રહીને દેહ મૂકે પણ સારું કે નરસું કાંઈ બોલાય નહિ અને અંતકાળે એ ત્રણે અવસ્થા થકી પર અને બ્રહ્મરૂપ એવો પોતાના જીવાત્માને સાક્ષાત્કાર માનતો થકો જે દેહ મૂકે, તે તો જેવી ઈશ્વરને સામર્થિ હોય તેવી સામર્થિ જણાવીને દેહ મૂકે છે. અને એ રીતે દેહ મૂકવો તે ભગવાનના ભક્તને જ થાય છે, પણ બીજા વિમુખ જીવને એમ થાય જ નહિ.

એવી રીતે કાળે કરીને અંતસમે સારું-નરસું જણાય છે. અથવા અવસ્થાઓને યોગે કરીને સારું-નરસું જણાય છે. અને વિમુખ હોય ને તેને અંતકાળે જાગ્રત અવસ્થા વર્તતી હોય ને બોલતો બોલતો દેહ મૂકે, તેણે કરીને કાંઈ તેનું કલ્યાણ થતું નથી. વિમુખ તો સારી રીતે દેહ મૂકે અથવા ભૂંડી રીતે દેહ મૂકે પણ નરકે જ જાય, અને ભગવાનનો ભક્ત હોય તે બોલતો

બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને દેહ મૂકે અથવા શૂન્યમૌન રહીને દેહ મૂકે, પણ તેનું કલ્યાણ જ છે પણ એમાં કોઈ સંશય નથી, એમ ભગવાનના ભક્તને જાણવું. અને ભગવાનનો ભક્ત હોય તેને અંતસમે સ્વપ્નાદિકને યોગે કરીને ઉપરથી પીડા જેવું જણાતું હોય, પણ એને અંતરમાં તો ભગવાનને પ્રતાપે કરીને અતિ આનંદ વર્તતો હોય. માટે નક્કી હરિભક્ત હોય ને અંતસમે લાવાઝંખા કરતો થકો દેહ મૂકે પણ એના કલ્યાણમાં લેશમાત્ર સંશય રાખવો નહિ.'' (ગ.પ્ર.પ્ર. ૭૭)

"...પછી જ્યારે અંતસમો આવે, ત્યારે તે અજ્ઞાની જીવને તો યમના દૂત દેખાય ને દેહની વિસ્મૃતિ થઈ જાય ને મૂર્છા અવસ્થા આવે છે, પછી તે યમના દૂત દેહને મુકાવીને જીવને જુદો કરે છે, ત્યારે જીવને પ્રેતનો દેહ બંધાય છે; પછી તે દેહે કરીને યમપુરીના કષ્ટ ભોગવે છે. અને જ્ઞાની એવો જે ભગવાનનો ભક્ત તેને તો અંતકાળે ભગવાન કે ભગવાનના સંત દેખાય છે, ને એને પણ દેહની વિસ્મૃતિ થઈ જાય ને મૂર્છા અવસ્થા આવે છે. પછી દેહને મૂકીને જુદો થાય છે, ત્યારે એ ભક્તને ભગવાન **ભાગવતી તનુ** આપે છે તે દેહે કરીને એ ભગવાનના ધામને વિષે રહે છે.'' (સા.પ્ર. ૧૪)

શાસ્ત્રો કહે છે કે, જેમ કોઈ અત્યંત ભારથી કોઈક વાહન વિચિત્ર અવાજ કરે છે તેમ અજ્ઞાની જીવ અંતસમયે અત્યંત દુઃખ અને પીડાથી વ્યાકુળ થઈને વિવિધ પ્રકારના અવાજ કરે છે, શબ્દો બોલે છે. ધીરે ધીરે શ્વાસોચ્છ્વાસની ઝડપ વધી જાય છે. અત્યંત વેદનાથી સ્મૃતિ નષ્ટ થઈ જાય છે. જેમ કેરી પાકી જતાં આંબા ઉપરથી ખરી પડે છે, તેમ વૃદ્ધાવસ્થા કે કોઈક પ્રકારના રોગોથી શરીર અને શરીરના વિભિન્ન અંગો નબળા કે જર્જરિત થતાં જીવાત્મા એનાથી છૂટો પડે છે.

આ પાંચ પ્રકારની પીડા જીવાત્માને અંતસમે વધુ સતાવે છે. ડૉક્ટર હોય તો શરીરની વેદના શમાવે પણ આંતરિક વેદના છે તેને કોણ શમાવે ? એ તો ભગવાનની કરુણા જ શમાવી શકે. અને ભગવાનની કરુણા ભગવાનનો જે શરણાગત આશ્રિત તેને વિશેષ પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** દીનાનાથ ભટ્ટના શબ્દો લખે છે : 'दृढं विश्वासो मे तव चरणपद्माश्रितजनो भवाम्भोधेः पारं व्रजति सहसा त्वत्करुणया । त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे ! विदित्वा पादौ ते दृढतरमहं ह्याश्रयमिमौ ।।' - 'તમારા ચરણકમળનો આશ્રિત જન સંસારસાગરના અંતને તમારી કૃપાથી તત્કાળ પામે છે : આ પ્રમાણે મારો દૃઢ વિશ્વાસ છે. સમગ્ર જગતોના સ્વામી તમો એક જ છો, આ પ્રમાણે જાણીને તમારાં આ બંને ચરણકમળોનો અતિદૃઢ આશ્રિત થયો છું.'

(શ્રી સત્સંગિજીવન : ૩/૧૪/૪૪)

ભગવાનનો શરણાગત જે બને છે તે જ કરુણા પ્રાપ્ત કરી શકે છે. પરમાત્માની શરણાગતિ સિવાય કોઈ તરી શકતું નથી.

લગ્નની ચોરીમાં પત્ની એકવાર પતિને કહે છે કે, હું તમારી. તો પતિ દેશ-વિદેશ ફરીને પણ તેનું પોષણ કરે છે. તેમ ભક્ત જ્યારે પરમાત્માના શરણે જઈને કહે કે, 'अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम । तस्मात्कारुण्यभावेन, रक्ष मां पुरुषोत्तम ।।' ''હે હરિ ! તમારા સિવાય અમારે કોઈનું શરણું નથી. એટલા માટે કરુણા કરીને અમારી રક્ષા કરજો.''

# ભગવાનની વિવિધ કરૂણા

ભગવાન શ્રીહરિના નેત્રોમાં **કરુણા** ભરી છે, કોઈ સ્વાર્થ ભર્યો નથી, આખું જગત પરમાત્માને બ્રહ્મરૂપ ભાસે છે. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે : 'अतिकारुण्यनयनाय नमः।' - હે પ્રભુ ! તમારા નેત્રોમાંથી કરુણા વરસે છે. તમે કરુણામય દૃષ્ટિવાળા છો. ભગવાનના નેત્રોમાં લોભ, કામ-ક્રોધ નથી, રાગ કે દ્વેષ નથી, કેવળ કરુણા ભરી છે.

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી 'ઓરડાના પદો'માં લખે છે : **'વ્હાલપ વેણમાં રે, નેણાં કરુણામાં ભરપૂર...'** (પદ - ૨)

દીનાનાથ ભટ્ટ કહે છે : 'करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनं । पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ।।' - કરુણાપૂર્ણ નેત્રવાળા, શરણે આવેલા જનોના દુઃખને દૂર કરનારા, પતિત જનોના ઉદ્ધાર કરવામાં તત્પર એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

ત્રણ પ્રકારના દેવતાઓ છે : ૧. તમોગુણી ૨. રજોગુણી અને ૩. સાત્ત્વિક.

તમોગુણી દેવતાઓની આંખો ક્રૂર અને વિકરાળ હોય છે, રજોગુણી દેવતાઓની આંખોમાં ભોગની વૃત્તિ દેખાય છે અને ભગવાન વિષ્ણુ જેવા સાત્ત્વિક દેવતાઓની આંખોમાં કરુણા વરસે છે.

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** તો ત્રણ ગુણથી પર છે, નિર્ગુણમૂર્તિ છે. તેઓની આંખોમાં કેટલી કરુણા હશે ?

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથના માહાત્મ્ય ભાગમાં ગ્રંથના શ્રવણથી કલ્યાણજી વિપ્રને ભગવદ્દર્શન થયું ત્યારે તે કહે છે : 'करुणामृतसम्पूर्णपारिप्लवनिरीक्षणम् । आजानुलम्बिसद्बाहुं समविस्तीर्णवक्षसम् ।।' - નવીન ખીલેલા કમળપત્ર સમાન શોભતા નયનવાળા કરુણારૂપી

અમૃતરસથી ભરપૂર દૃષ્ટિથી ભક્તજનોને જોનારા, જાનુપર્યન્ત લાંબા સુંદર હાથવાળા, વિશાળ અને સરખી છાતીવાળા... એ શ્રીહરિને હું દિવ્યરૂપે પ્રગટ પ્રમાણ નીરખું છું.

(શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય ભાગ : ૮/૧૬)

સરધારમાં શ્રીજીમહારાજના દર્શન કરીને કારિયાણી પરત આવતા **ખટ્વાંગ રાજા** રસ્તામાં ગઢડામાં રાત્રિનિવાસ કરે છે ત્યારે એભલબાપુને ભગવાન શ્રીહરિના સ્વરૂપના ધ્યાનનું વર્ણન કરતાં કહે છે : 'हृदयानि हरन्तं च निजानां करचेष्टया । करुणाभृतया दृष्ट्या वीक्षमाणं च चिन्तयेत् ।।' - પોતાના હાથની ચેષ્ટાથી સ્વભક્તજનોનાં હૃદયોને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરતા, અતિશય કરુણાથી પૂર્ણ દૃષ્ટિથી વારંવાર પોતાનું ધ્યાન કરનાર નિજજનને નિહાળતા એવા શ્રીહરિનું મુમુક્ષુ ભક્ત પોતાના હૃદયકમળમાં ધ્યાન કરે.

(શ્રી સત્સંગિજીવન : ૨/૨૫/૧૪)

સર્વમંગલ નામાવલીમાં કહે છે : 'स्वभक्तदृशे नमः' પોતાના ભક્તોને કરુણામય મીઠી દૃષ્ટિથી જોનારા ભગવાન શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૫૭૪) સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** પણ કહે છે : **'કરુણા દ્રગન કરી મોયે વિલોકો, મેટન ભવદુઃખ ફંદા...'**

સામુદ્રિક શાસ્ત્રમાં ભગવાનના નેત્રને કમળની ઉપમા આપી છે : 'रक्तायतैः पद्मपत्राभैर्लोचनैः सुखभोजिनः ।' - ભગવાન શ્રીહરિનાં નેત્રો શરદઋતુનું જે કમળ, તેની પાંખડીની પેઠે વિશાળ, અણિયાળા અને અંતભાગમાં રક્ત છે.

રામાયણમાં 'विशालाक्षः', ભગવદ્ ગીતામાં 'कमलाक्षः', વિષ્ણુ સહસ્રનામમાં 'पुष्कराक्षः', શ્રી સત્સંગિજીવનમાં 'पुण्डरीकपत्रावत', સર્વમંગલ નામાવલીમાં 'पद्मदलेक्षणाय नमः' કહીને આ તમામ શાસ્ત્રોમાં ભગવાનનાં નેત્રને કમળની ઉપમા આપી છે. કારણ કે કમળ કરુણાથી રમણીય છે, પ્રસન્નતાનું પ્રતિક છે, પુષ્પોમાં સર્વથી વિશાળ છે એટલે વિશાળતાનું પ્રતિક છે, આહ્લાદક છે અને નિર્લેપ છે જેને કોઈ દોષ અડતો નથી.

જ્ઞાનનું સ્થાન મસ્તિષ્ક છે, વાણીનું સ્થાન જીહ્વા છે, નિશ્ચય તર્કનું સ્થાન બુદ્ધિ છે અને પ્રેમનું સ્થાન હૃદય છે. પરંતુ હૃદય બહુ ઊંડું છે, ઉપર ફેફસાનું આવરણ છે, તેની ઉપર ચામડી છે અને તેની ઉપર કપડા છે. આમ ઘણા આવરણો છે માટે પ્રેમ બહાર ન દેખાય.

પરંતુ કરુણા તો આંખમાં હોય છે. માણસ આંખ બંધ કરી દે તોપણ કરુણાશીલ માણસની આંખ વરસતી હોય છે. મહાપુરુષોની આંખો પણ હંમેશાં કરુણાથી ભરેલી હોય છે.

ભગવાન શ્રીહરિ કરુણાસિંધુ છે, કરુણાના સાગર છે, એમની આંખોમાં સદાયને માટે કરુણા વરસતી હોય છે. ભગવાનનું એક શ્રેષ્ઠ નામ છે - 'કરુણા.' પરમાત્મા કૃપાલા છે. જેમાં કૃ એટલે કૃતજ્ઞતા, પા એટલે પવિત્રતા અને લા એટલે સુંદરતા. આ ત્રણ વસ્તુ પરમાત્મામાં હોય છે.

સર્વમંગલ નામાવલીમાં કહ્યું છે : 'दीनाल्पविक्लवत्वेक्षाजाततीव्रव्यथाकुलाय नमः' - દીન, નિરાધાર, દરિદ્ર, ગરીબ વગેરે જીવાત્માઓનું થોડું પણ દુઃખ જોઈને તરત જ કરુણાસાગર શ્રીહરિને દયા આવી જાય અને તેના દુઃખે પોતે દુઃખી થઈને તેના દુઃખને ટાળવા માટે બધી મદદ કરનારા છે.

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** ભગવાન શ્રીહરિની **કરુણાનું વર્ણન** કરતા ગાય છે :

કરુણામય મૂર્તિ મોહન રે, જનતણાં મન હરો છો;
કરુણાની દૃષ્ટિ કરીને રે, કારજ અમારા કરો છો...૦૧
કરુણામય મુખની વાણી રે, શીતળ સરખું બોલો છો;
નથી રહેતું કહેવા કેડે રે, એવું બોલીને બંધ ખોલો છો...૦૨
કરુણામય મુખની કાંતિ રે, શોભે છે સુંદર સારી;
મોહનજી તારા મુખ પર રે, વાલમજી જાઉં વારી...૦૩
કરુણામય હાસ વિલાસ રે, લીધું મન કરને લટકે;
તારી ચાખડીયો ચમકારી રે, ચાલો છો ચટકે લટકે...૦૪
કરુણામય કરીયાં સર્વે રે, યત્કિંચિત કારજ કાંઈ;
નથી તજવા જેવું તેમાં રે, ભજવા સરખું સુખદાઈ...૦૫
કરુણામય કૃપા કરીને રે, નરતન રૂપે નાથ થયા;
દીનબંધુ દીન દયાળ રે, અમ ઉપર કાંઈ કરી દયા...૦૬
મોહનજી મહેર કરીને રે, આનંદ દેવા આવ્યા છો;
નિષ્કુળાનંદના સ્વામી રે, વ્હાલા અમને ભાવ્યા છો...૦૭

સૌને કૃપા ને કરુણા ગમે છે, કોઈને ક્રૂરતા ગમતી જ નથી. પુત્ર એમ ઈચ્છા રાખે છે કે, માતા-પિતા મારા ઉપર મીઠી નજર રાખે, નોકર ઈચ્છા રાખે છે કે શેઠ મારી ઉપર **મીઠી નજર** રાખે. બધાને એમજ ઈચ્છા રહે છે કે મારી ઉપર સૌની મીઠી નજર રહે. પરંતુ આ દુનિયામાં કોઈપણ વ્યક્તિ મીઠી નજર કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના ક્યારેય નહિ રાખે. એમને ઉપયોગી થાય એવું વ્યક્તિમાં કાંઈક હશે તો જ તે રાજીપો દેખાડશે.

પરંતુ ભગવાન અને ભગવાનના સંતો-ભક્તો જ જીવાત્મા ઉપર નિઃસ્વાર્થ કરુણાની દૃષ્ટિ કરતા હોય છે. એ કરુણાના પાત્ર વ્યક્તિ ક્યારે બની શકે ? તો જ્યારે વ્યક્તિ અહંકાર રહિત બને છે ત્યારે જ ભગવાન અને સત્પુરુષોના કૃપાપાત્ર બની શકે છે. જ્યાં સુધી વ્યક્તિ અહંકાર આદિક દોષોથી ભરેલો છે ત્યાં સુધી તેના ઉપર કરુણા વરસતી નથી. જે વ્યક્તિ દોષોથી ખાલી થઈ જાય છે તેના ઉપર ભગવાનની કરુણા પણ અનરાધાર વરસે છે. જે અંદરથી ખાલી હોય એ જ કરુણાથી ભરાઈ જાય છે અને તેના ઉપર ભગવાનની કૃપા થાય છે.

શાંડિલ્ય ભક્તિસૂત્રમાં તો આ કરુણાને જ ભગવાનનો **મુખ્ય ગુણ** ગણાવતાં કહ્યું છે : 'मुख्यं तस्य हि कारुण्यम् ।' (સૂત્ર : ૪૧)

પ્રેમલક્ષણા યુક્ત ભક્તિ ઉદયનું કારણ સમજાવતાં કોઈએ કહ્યું છે : 'कृपास्य दैन्यादियुजे प्रजायते, यया भवेत् प्रेमविशेषलक्षणा । भक्तिर्ह्यनन्याधिपतेर्महात्मनः, सा चोत्तमा साधनरूपिका परा ।।' - ભગવાનની કૃપા અને કરુણાથી જ પરમસાધ્યરૂપ પ્રેમલક્ષણા ભક્તિ ઉદય થાય છે.

જ્યારે બહાર સર્વત્ર ભય વ્યાપી જાય ત્યારે મા જેમ પોતાના બાળકને ખોળામાં લઈ લે, પોતાની છાતીએ વળગાડી દે, તેને બહારનો પવન પણ ન લાગવા દે, પોતે જ જાણે પુત્રની પથારી બની જાય અને પોતાના દૂધથી સંતાનનું લાલન-પાલન કરતી રહે, તેમ જ્યારે મહાપ્રલયનો દાવાનળ ચારેકોર ફરી વળે છે, ત્યારે ભગવાન જ જીવોને પોતાની સત્તા, જ્ઞાન અને આનંદમાં લીન કરી દે છે. જેવી રીતે માના ગર્ભમાં શિશુ પોષણ અને વૃદ્ધિ પ્રાપ્ત કરે છે, તેમ જીવ પણ ઈશ્વરના ગર્ભમાં વિશ્રામ, શાંતિ અને પુષ્ટિ મેળવે છે. મહાપ્રલયના સમયે આ રીતે જીવની શય્યા બની તેને વિશ્રામ આપવો અને પ્રલયના તાપથી તેને બચાવવો એ ભગવાનની 'જનની' કૃપા છે. જ્યારે જીવરૂપ છોડ સૂકાય છે ત્યારે તેની વૃદ્ધિ-સમૃદ્ધિ માટે, પુષ્ટિ-તુષ્ટિ માટે આ 'જનની' જ 'ઉજ્જીવની' કૃપા બનીને વહે છે.

પરમેશ્વરે અપાર કૃપા કરીને મનુષ્યનો અવતાર આપ્યો છે. તેમાં પણ ખાન, પાનની કોઈ ખામી રાખી નથી. પરમેશ્વર પદાર્થોમાં જેવા ગુણ કરે છે તેવા ગુણ બીજા કોઈ લેશમાત્ર પણ કરી શકતા નથી.

પ્રલયકાળમાં જીવની આસપાસ વિસ્મૃતિ અને અજ્ઞાનનો ગાઢ પડદો આચ્છાદિત હોય છે. આ અવસ્થામાં તેને કોઈ દુઃખ નથી હોતું, તો મોક્ષ પણ નથી હોતો. કોઈ શિશુ રુંડમુંડ થઈને કેવળ પડ્યું રહે તે માતા કેવી રીતે સાંખી શકે? તે ઈચ્છે કે, 'મારું સંતાન જાગે, સારા-નરસાને જાણે, કંઈક કરે, કંઈક કમાય...' તેથી તે બાળકને જગાડે છે. સ્નાન-માર્જન કરાવે છે.

'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં ભગવાનની અપાર કૃપાઓ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** કહે છે : "ચાહે તેવું ભોજન હોય, પણ જ્યાં સુધી જમ્યા ન હોઈએ ત્યાં સુધી ભૂખ ટળતી દેખાતી નથી. પરમેશ્વરે અપાર કૃપા કરીને મનુષ્યનો અવતાર આપ્યો છે. તેમાં પણ ખાન, પાનની કોઈ ખામી રાખી નથી. પરમેશ્વર પદાર્થોમાં જેવા ગુણ કરે છે તેવા ગુણ બીજા કોઈ લેશમાત્ર પણ કરી શકતા નથી. એક પાણીનાં ટીપામાંથી હાથપગ રચે છે અને મનુષ્યથી મનુષ્યનું શરીર બને છે. તેમાં કેટલું આશ્ચર્ય રચે છે ? કાન દ્વારાએ જેટલી જાતના શબ્દ વિગતે સહિત બધા સંભળાય છે. તેમાં કેટલાક તો પ્રિય અને અપ્રિય શબ્દ પણ હોય છે. તેનો ગણ્યે પાર આવતો નથી. આંખમાં એવા ગુણ મૂક્યા છે કે જેવું જે રૂપ હોય તેવું તે બરાબર દેખાય છે તોપણ તેનાથી પરમેશ્વરનો ગુણ મનાતો નથી. જેવો ગંધ હોય તેને નાસિકા તેવાં રૂપમાં સૂચવી દે છે. અને જીભ જેટલી જમવાની વસ્તુ હોય છે તેની બધી વિગત બતાવી દે છે. અને જેટલી પ્રકારનો સ્પર્શ હોય છે તે બધાને ત્વચા જણાવી દે છે. તે તેમની કૃપા કહેવાય છે. જે કોઈ પણ વસ્તુ દેખાય કે સંભળાય, તે બાબતના સંકલ્પ મનથી થાય છે. અને બુદ્ધિથી તેનો ઠીક અઠીકનો નિશ્ચય કરાય છે. ચિત્ત ચિંતવન કરે છે અને અહંકાર હિંમત આપે છે. અને તેમાં એક જ જીવનું બધું જાણપણું રહે છે. જીવને માટે જેમ સુખ રહે તેમ શ્વાસ ઉશ્વાસ આપ્યા છે અને અંતર્યામી પરમેશ્વર સહુને નિયમમાં વર્તાવે છે. પિંડ અને બ્રહ્માંડમાં જે બધું જેટલું છે તે પરમેશ્વરે રચી આપ્યું છે. જેને પરમ વિવેક હોય છે તેને પરમેશ્વરનાં નિયમન વિનાનું કાંઈ પણ દેખાતું નથી. પરમેશ્વર એવા **મહાન સમર્થ** છે એમ સમજીને જે પ્રાણીઓ એમનું ભજન કરતા રહે છે તેમને તે પરમેશ્વરની માયા કોઈ જાતનું આવરણ કરતી નથી. પરમેશ્વરને આવાં રૂપમાં જ્યારે જાણવામાં આવે છે ત્યારે જો પરમેશ્વર તેના ઉપર વધારે કૃપા કરે ત્યારે તે યથાર્થરૂપમાં જાણી શકાય છે. અને આ રીતે પરમેશ્વરને જ્યાં સુધી જાણતા નથી અને ભગવાનને શરણે જઈને તેમના દાસ નથી થતા ત્યાં સુધી તેના ઉપરથી જન્મ અને મૃત્યુનો નાશ થતો નથી."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૩/૩૬)

વળી, 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી ભગવાનની **અપરંપાર કૃપાઓનું વર્ણન** કરતાં લખે છે :

સુણી બોલિયા સુંદરશામ, પરમેશ્વરનાં જુઓ કામ;
જેણે પૃથવી બનાવી આ છે, જેણે સાગર શૈલ કર્યા છે.
પશુ પક્ષી વનસ્પતિ પ્રાણી, રચ્યાં જેણે ઘણી જુક્તિ આણી;
કાયા માણસની રુડી કીધી, તેમાં જુક્તિ કેવી કરી દીધી.
અંગોઅંગ તપાસીને ભાઈ, જુવો ઈશ્વરની ચતુરાઈ;
આંખ્યમાં જળ ઉતરે ન જેમ, કરી ભમર્યો છજા જેવી તેમ.
તાજું દૂધ બાળકને કાજે, માના સ્તનમાં કર્યું મહારાજે;
કેમ રુધિરનું દૂધ તે થયું ? કેમ કામ મટ્યે મટી ગયું ?
એવી જુક્તિ જણાય અપાર, કેમ થાય વિના કરનાર ? કર્યા
સૂર્ય શશિ ગ્રહ તારા, યથાયોગ્ય પ્રકાશ દેનારા.
તેનો નિયંતા જો નવ ઠરે, કેમ નિયમ પ્રમાણે તે ફરે ? વાયુ
નિયમ પ્રમાણે જ વાય, વૃષ્ટિ નિયમ પ્રમાણે જ થાય.
જુવો સાગરને નથી પાળ્ય, તોય હદ ન તજે કોઈ કાળ; એવી
રચના નિહાળી અપાર, નિશ્ચે જાણો છે જગ કરનાર.
શ્વેત રંગ રંગ્યા જુવો હંસ, કર્યો કાળો કોકિલનો વંશ;

જુવો પોપટ લીલો જણાય, કરતાર વિના કેમ થાય ?
જુવો પવન તો નજરે ન પડે, પણ તરુવર ડોલે તેવડે;
દેખી દૂરથી નિશ્ચય થાય, કહે પવન ઘણો ત્યાં વાય.
વીશ કોશ ઉપર થાય વૃષ્ટિ, દેખે દૂરથી નહીં જનદૃષ્ટિ;
પણ આવે નદી માંહી પૂર, જાણે વૃષ્ટિ થઈ તે જરૂર.
તેમ રચના આ સૃષ્ટિની જોઈ, જાણો નિશ્ચે છે કરનાર કોઈ;
એવા સાંભળી હરિનાં વચન, માન્યું નાસ્તિકનું નહિ મન.

(શ્રીહરિલીલામૃત : ૫/૪/૪૧-૫૧)

ભગવાનની કેટલીક કરુણા એવી વરસતી રહે છે કે જેમાં આપણા પુરુષાર્થની કોઈ જ અપેક્ષા નથી. તેથી ભગવાનને અકારણ, અહૈતુકી કરુણા કરનારા કહ્યા છે. જેમ કે, ભગવાને આ સૃષ્ટિ સર્જી તેમાં મનુષ્ય જીવી શકે તેવાં વાતાવરણ સર્જ્યાં. હવા-પાણી-અન્ન-પ્રકાશની સુવિધા આપી. આપણને મનુષ્યદેહ આપ્યો. જન્મતાંવેંત ભરણ-પોષણની વ્યવસ્થા કરી દીધી. તેથી જ કોઈ **કવિ** લખે છે :

'जब दांत नहीं तब दूध दियो, जब दांत भयो तब अन्नहू दई है ।
जो जल में, थल में, नभ में, सब के सुधि लेत सो तोरिहू लै है ।
काहे को सोच करै मन मूरख, सोच किए कछु काम न पै है ।
जान को देत, अजान को देत, अजान को देत सो तोहू को दै है ।'

ઉપરોક્ત ભાવાર્થ પ્રમાણે વાત કરતાં ગુજરાતી સાહિત્યકાર અને કવિ શ્રી **અનિરુદ્ધ લાલજી** બ્રહ્મભટ્ટ લખે છે :

'મેં ક્યાં કશુંય ઈચ્છ્યું'તું તારી પાસે ? ને તોય તેં જલભર્યાં વાદળોથી કર્યો મારે શિરે અભિષેક,

ક્યાં કશુંયે મેં માંગ્યું'તું તારી પાસે ? ને તોય ઊગતા સૂર્યે હંમેશાં પૂછી છે મારી ખબર,

ના, મારે કશુંય ન જોઈએ, ભગવાન!'

આમ, આવી અનેક બાબતો ભગવાનની અકારણ કરુણાની પરિચાયક છે. તેથી જ ભગવાન 'કરુણાસાગર' કહેવાયા છે. ભગવાનની અહૈતુકી કરુણા માટે ગોસ્વામી **તુલસીદાસજી** લખે છે :

'કોમલ ચિત્ત અતિ દીનદયાલા, કારણ બિનુ રઘુનાથ કૃપાલા.'

(માનસ : ૩/૩૨/૧)

'બિનુ કારન દીનદયાલ હિતં, છબિ ધામ નમામિ રમા સહિતં.'

(માનસ : ૬/૧૧૦)

'કબહુઁક કરિ કરુના નર દેહી, દિત ઈસ બિનુ હેતુ સનેહી.'

(માનસ : ૭/૪૩/૩)

'ઐસો કો ઉદાર જગમાંહી,
બિનુ સેવા જો દ્રવૈ દીન પર, રામ સરિસ કોઉ નાંહી.'

(વિનયપત્રિકા : ૧૬૨/૧)

'હેતુરહિત જગ જુગ ઉપકારી, તુમ્હ તુમ્હાર સેવક અસુરારિ.'

(માનસ : ૭/૪૬/૩)

ભગવાન અતિ દયાળુ અને કોમળ ચિત્તવાળા છે. તેઓ અકારણ કરુણા વરસાવતા રહે છે. સેવા કર્યા વિના પણ જીવપ્રાણીમાત્ર ઉપર કરુણા કરે એવા તો ઉદાર ભગવાન સિવાય બીજો કોણ હોઈ શકે ? ભગવાન હેતુ વિના અહૈતુક ઉપકાર કરવાવાળા છે.

જેમ પિંજરાનું પક્ષી ઊડવા માટે ગમે તેટલાં તરફડિયાં મારે પણ કેવી રીતે ઊડી શકે ? તેમ મનુષ્ય ગમે તેટલું મનગમતું કરવા ચાહે પણ ભગવાન જો તેમ ન કરવા દે તો કેવી રીતે કરી શકે ?

જેમ જીવવા માટે હવા અનિવાર્ય છે, તેમ કાર્યસિદ્ધિ માટે ભગવાનની કરુણા અનિવાર્ય છે. તેથી જ પ્રત્યેક ધર્મ-સંપ્રદાયોના શાસ્ત્ર અને ધર્મગ્રંથોમાં ભગવત્કૃપાની મહત્તા કહેવામાં આવી છે. જેની પર ભગવાન કરુણા કરે છે, તેના કોઈ પણ અપરાધ તે ગણતરીમાં લેતા નથી અને તેને પાપમુક્ત કરી દે છે. ભગવાન શ્રીકૃષ્ણ આ વાત જણાવતાં ભગવદ્ ગીતામાં કહે છે :

'अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।।
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।।
मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ।।'

જો કોઈ અતિશય દુરાચારી પણ મને અનન્ય ભાવથી ભજે છે, તો તેને પણ સાધુ જ જાણવો. કારણ કે તે મારા યથાર્થ નિશ્ચયવાળો છે. તે તત્કાળ ધર્માત્મા બની જાય છે અને શાશ્વત શાંતિને પામે છે. હે અર્જુન ! તું નિશ્ચયપૂર્વક આ વાત સત્ય માન કે મારો ભક્ત કદી નષ્ટ થતો નથી. સ્ત્રી,વૈશ્ય, શૂદ્ર કે પાપયોનિને પામેલો પણ મારા શરણે આવી પરમગતિને પ્રાપ્ત કરે છે. (શ્રીમદ્ ભગવદ્ ગીતા : ૯/૩૦-૩૨)

જેતલપુર મહાયજ્ઞમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની અપાર કરુણાથી ગામની જ ગણિકા **લક્ષ્મીબાઈ** પવિત્ર બની, મુક્તાનંદ સ્વામી જેવું કલ્યાણ મેળવી ગઈ. વડતાલના **જોબન પગી**, લીલાખા ગામના **મુંજો સુરુ**, માણસા ગામના વાલેરા વરુ, લીંબલી ગામના **સગરામ વાઘરી**, લોધિકા દરબાર **અભેસિંહજી**, કોટિયા ગામના **જસા કામળિયા**, ઉપલેટાના લૂંટારુઓના સરદાર **વેરાભાઈ** વગેરે પાપના પહાડ સમાન ગણાતા લોકો પરમ એકાંતિક ભક્ત બની ગયા તે જાણીતી **સાંપ્રદાયિક હકીકત** છે. ભગવાનની કરુણા જેના પર વરસે છે તેના સર્વે પાપ ધોવાઈ જાય છે અને તે પવિત્ર બની જાય છે.

ભગવાનની કરુણાનું પ્રબળપણું એટલું છે કે ભગવાનનું વૈરભાવે ચિંતવન જો કોઈ કરે તોપણ ભગવાન એનું કલ્યાણ કરે છે. કવિ માઘે 'શિશુપાલવધ' મહાકાવ્યમાં લખ્યું છે :
'विद्विषोऽद्विषुरुद्वीक्ष्य तथाप्यासन्निरेनसः । अरुच्यमपि रोगघ्नं

निसर्गादेव भेषजम् ।।' - ભગવાન શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર પણ પાપરહિત થયા, કારણ કે ઔષધિ ભલે ગમતી ન હોય છતાં તે રોગને તો ટાળે જ છે. (સર્ગ : ૧૯/૮૯)

એકવખત કરુણાસાગર **શ્રીહરિ** જેતલપુરમાં વડ નીચે સભા કરી બિરાજમાન હતા. એક ખાખી બાવો અતિ વૈરભાવથી મહારાજ સામું જોઈ રહ્યો હતો. થોડીવાર આમ જોઈ તે ચાલતો થયો, પણ ઓથ આવી ત્યાં સુધી એ જ રીતે ક્રોધભરી નજરે જોતો રહ્યો. તે જોઈ શ્રીજીમહારાજ બોલ્યા : "એ વિરોધી ખાખીને અતિ રીસે કરીને અમારી મૂર્તિ અંતરમાં ઊતરી ગઈ છે. માટે હવે તે મરીને ઈન્દ્ર થશે."

તેથી જ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'પુરુષોત્તમ પ્રકાશ'માં કહે છે : 'જે જે જીવ પામિયા સંબંધ રે, તેના છોડાવિયા ભવબંધ રે; કેના જોયા નહીં ગુન્હા વાંક રે, એવો આજ વાળ્યો આડો આંક રે.' (૯/૧૫-૧૬)

માંગરોળના વણિક ભક્ત ગોવર્ધનભાઈની ફૂઈએ સદ્‌ગુરુવર્ય રામાનંદ સ્વામીનું ધર્માદાનું ધન ચોર્યું હતું. તેને કારણે તે કુંભીપાક નરકમાં ગઈ હતી. ભગવાન શ્રીહરિ નીલકંઠ વર્ણી સ્વરૂપે **માંગરોળ** પધાર્યા ત્યારે તેને તે યાતનાથી મુક્ત કરી હતી. તેનું વર્ણન કરતાં 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજશ્રી** લખે છે : 'સુણ નૃપ હરિ છે સમર્થ એવા, નથિ નથિ કોઈ સમર્થ કૃષ્ણ જેવા; અતિ અઘ કરનાર કોઈ હોય, પલક વિષે જ કરે પવિત્ર તોય.' (૩/૨૭/૫૦)

> જો કોઈ અતિશય દુરાચારી પણ મને અનન્ય ભાવથી ભજે છે, તો તેને પણ સાધુ જ જાણવો. કારણ કે તે મારા યથાર્થ નિશ્ચયવાળો છે. તે તત્કાળ ધર્માત્મા બની જાય છે અને શાશ્વત શાંતિને પામે છે. હે અર્જુન ! તું નિશ્ચયપૂર્વક આ વાત સત્ય માન કે મારો ભક્ત કદી નષ્ટ થતો નથી. સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર કે પાપયોનિને પામેલો પણ મારા શરણે આવી પરમગતિને પ્રાપ્ત કરે છે.
> (શ્રીમદ્ ભગવદ્ ગીતા : ૯/૩૦-૩૨)

બુધેજમાં દાસીએ નીલકંઠ વર્ણી સ્વરૂપે પધારેલા ભગવાન શ્રીહરિને ભિક્ષામાં જાણી જોઈને ખોરી જાર આપી. છતાં ભગવાન શ્રીહરિ કેવળ કરુણા કરી તેનું હલકું ધાન જમ્યા અને તેનું કલ્યાણ કર્યું. તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રકૃતિ વિષે લખતાં 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કહ્યું છે : 'અવગુણ ઉર જીવના ન આણે, હરિગુણ એહ મુનીશ્વરો વખાણે; જનગુણ લવ શ્રેષ્ઠ માની લે છે, કરી કરુણા અવિનાશી સુખ દે છે.' (૩/૧૭/૭૦)

ભગવાનની કરુણા (કૃપા)થી પાપમળ કેવી રીતે ધોવાય છે તે જણાવતાં ન્યાયશાસ્ત્રના પ્રકાંડ પંડિત **ઉદયનાચાર્ય** 'ન્યાયકુસુમાંજલિ'માં લખે છે : 'इत्येव श्रुतिनीतिसम्प्लवजलैर्भूयोऽभिराक्षालिते येषां नास्पदमादधासि हृदये तो शैलसाराशयाः । किन्तु प्रस्तुतविप्रतीपविधयोऽप्युच्चैर्भवच्चिन्तकाः काले कारुणिक ! त्वयैव कृपया ते भावनीया नराः ।।' - "જેમ પથ્થર પરથી પાણી વહેવા છતાં તે ભીતરથી કોરો ને કોરો જ રહે છે, તેમ નીતિશાસ્ત્રનાં નીરમાં ઝબકોળાયા પછી પણ પથ્થર જેવા મનુષ્યોનાં હૃદયમાં **સદ્‌ગુણોની ભીનાશ** પથરાતી નથી; પરંતુ જેના પર આપની કૃપા (કરુણા) નીતરે છે તે તત્કાળ **સદ્‌ગુણી** બની જાય છે." (૫/૧૮)

ગોસ્વામી **તુલસીદાસજી** પણ લખે છે :

'ખલ મનુજાદ દ્વિજામિષ ભોગી,  
પાવહિં ગતિ જો જાચત જોગી.  
ઉમા રામ મૃદુચિત કરુનાકર,  
બયર ભાવ સુમિરત મોહિ નિસિચર.  
દેહિં પરમગતિ સો જિય જાની,  
અસ કૃપાલ કો કહહુ ભવાની.'

'વૈરભાવે પોતાનું ભજન કરનારને કરુણામૂર્તિ ભગવાન યોગીઓના જેવી પરમગતિ આપે છે. આવા કૃપાળુ અન્ય કોણ હશે?' (શ્રી રામચરિત્ર માનસ : ૬/૪૪/૨-૩)

ભગવાન વેદવ્યાસજી પણ આ જ ભાવ ઘૂંટતાં 'પૂતનાઉદ્ધાર'ના ચરિત્રમાં વર્ણવે છે : 'अहो बकीयं स्तनकालकूटं, जिघांसयाऽपाययदप्यसाध्वी । लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं, कं वा दयालुं शरणं व्रजेम ।।' અર્થાત્ અહો ! આશ્ચર્ય છે કે દુષ્ટ પૂતનાએ જેમને મારવાની ઈચ્છાથી જ સ્તન ઉપરનું ઝેર ધવરાવ્યું હતું, છતાં તે પૂતના માતા યશોદાને જ યોગ્ય સદ્‌ગતિને પામી. તો એમનાથી બીજા ક્યા દયાળુને શરણે આપણે જઈએ ? (શ્રીમદ્ ભાગવત : ૩/૨/૨૩)

ગઢડાના જીવાખાચરે ભગવાન શ્રી સ્વામિનારાયણની ટાણાંની **ચાર સેવા** કરેલી. ૧. વરસાદની મોસમમાં પોતાના ઘરમાં ચૂલા પર મહારાજને શૌચ માટે બેસાડેલા. ૨. ભગવાન શ્રીહરિને ઠંડી લાગી તો પોતાનો નવો પલંગ ફાડીને મહારાજને તપાડ્યા હતા. ૩. એકવખત સભામાં મહારાજને થૂંકવાનું થયું તો પોતાની પાઘ ધરી હતી. અને ૪. શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર બેઠાં બેઠાં શેરડીનો સાંઠો સુધારતા હતા ત્યારે ભગવાન શ્રીહરિની આંગળીએ છરી વાગી. તે સમે જીવાખાચરે માથે મોટું મંડીલ (ફેંટો) બાંધ્યું હતું તે ફાડીને તેમણે મહારાજને પાટો બાંધ્યો હતો. તે જોઈ શ્રીજીમહારાજ બોલ્યા : "બાપુ ! આ શું કર્યું ?" ત્યારે જીવાખાચરે કહ્યું : "મહારાજ ! તમારે અર્થે કામ ન આવે તે મંડીલ શા કામનું ?"

આટલી સેવા છતાં શ્રીજીમહારાજ અને દાદાખાચર વિરુદ્ધ ભાવનગર નરેશ વજેસિંહ બાપુના કાન ભંભેર્યા અને

મહારાજને મારવા બુઢાધાધલને પણ મોકલેલો. આમ છતાં જ્યારે જીવાખાચરનો અંતકાળ આવ્યો ત્યારે તેમની બંને દીકરીઓ અમરબા અને અમૂલાબાએ ભગવાન શ્રીહરિને વિનંતી કરી કે, "અમારા પિતાના અવગુણ સામું જોશો મા. મોટું મન રાખી, ક્ષમા કરી, તેમનો ઉદ્ધાર કરજો."

ત્યારે શ્રીજીમહારાજે જીવાખાચર પાસે જઈ તેમના માથે હાથ ફેરવી તેમણે કરેલી ટાણાની સેવાઓ સંભારી કહ્યું : "બાપુ ! અમે ઉધારનો ચોપડો રાખતા જ નથી. તમે જે સેવા કરી છે તેના પ્રતાપે ને તમારી આ બંને કુંવરીઓની ભક્તિના પ્રતાપે તમારું કલ્યાણ કરીશું." આ સાંભળી જીવાખાચરની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે : "જીવમાં ભૂલ્ય આવે, પણ અનેક જુક્તિથી તેને ભગવાનના માર્ગમાં રાખવો, પણ પાડી નાંખવો નહીં, એ જ મોટાની મોટાઈ છે." (૫/૩૪૩)

આમ, ભગવાનની કરુણાથી જ પાપી પણ પવિત્ર, પુણ્યશાળી થઈ સદ્‌ગતિ પામે છે. તેથી જ તો **મુક્તાનંદ સ્વામી** ગાય છે :

'કરી કરુણા રે સ્વામી સહજાનંદ,
પધાર્યા અખંડ સુખ આપવા...
જેનાં દર્શનથી દુષ્કૃત ટળે,
જેને સ્પર્શે રે પામે પાતક નાશ...પધાર્યા૦'

પૌરાણિક કથા મુજબ દેવો અને દાનવોએ ભેગા મળીને **સમુદ્રમંથન** કર્યું ત્યારે કામધેનુ, કલ્પવૃક્ષ, કૌસ્તુભમણિ આદિક ચૌદ રત્નો નીકળ્યા હતા તેમ ભગવાનની કરુણારૂપી સમુદ્રમંથનમાં પણ **અનેક રત્નો** પ્રાપ્ત થાય છે.

## ભગવાનની કરુણાથી મનુષ્યત્વની પ્રાપ્તિ :

સા. ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'**માં લખે છે :

"ભગવાન જીવની ઉપર જ્યારે ઘણી કૃપા કરે છે ત્યારે જીવ આવા મનુષ્યદેહને પામે છે. ભગવાનની જીવ ઉપર **મોટી કૃપા** એ છે કે, જીવને મનુષ્યદેહ આપે છે. જીવ દેહ વિનાનો છે તેને ભગવાન દેહ રચાવી આપે છે. માતા-પિતા કે મિત્ર ગમે તેવા હોય, પણ તે કોઈ જીવને દેહ આપી શકતા નથી. પરંતુ જીવને તે ગમ નથી કે પોતે કેવી સ્થિતિમાં રહ્યો છે ?"

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૯૯)

માનવદેહ મળવો અને મનુષ્યત્વ મળવું એ બંને અલગ બાબત છે. માનવદેહ એ બાહ્ય આકાર છે, જ્યારે મનુષ્યત્વ એ આંતરિક ઘાટ છે. એ બંનેનો સમન્વય થવો એ દુર્લભ વસ્તુ છે ! મનુષ્યત્વ જેની અંદર વિકસેલું હોય એ જ ખરા અર્થમાં માણસ છે ! મનુષ્યત્વ એટલે સત્ય-દયા-પ્રેમ-સેવા વગેરે માનવીય ઉમદા ગુણો. એ ઉમદા મૂલ્યોથી જેનું અંતઃકરણ ભરેલું છે તે માણસ ! મનુષ્યત્વ માટે આપણે માનવતા, માણસાઈ, ઈન્સાનિયત જેવા શબ્દોનો પ્રયોગ કરીએ છીએ. આ દૃષ્ટિએ બધા જ માનવદેહધારીઓમાં મનુષ્યત્વ હશે એમ કહી શકાય નહિ ! માનવદેહ હોવા છતાં જેનું અંતઃકરણ પશુતા કે આસુરીવૃત્તિથી ભરેલું હોય તે ખરા અર્થમાં માણસ નથી !

એક કથાકાર બ્રાહ્મણે એક ગામમાં એક મહિનો ભગવત્‌કથા કરી. થોડા ઘણા શ્રોતાઓ આવતા. કથા પૂર્ણ થવાની હતી તેના આગલા દિવસે બ્રાહ્મણ પંડિતે પોતાની ઈચ્છા જાહેર કરતા શ્રોતાઓને **વિનંતિ** કરી : "આવતી કાલે કથાની પૂર્ણાહુતિ થશે તો ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે, સોપારી નહિ તો સોપારીના ટુકડારૂપે આપ સૌ કોઈ દક્ષિણા લેતા આવશો એવી આશા રાખું છું. હું ગરીબ બ્રાહ્મણ છું. આમાં જ મારા કુટુંબનો નિર્વાહ ચાલે છે એટલે આપના જેવા સુજ્ઞજનોને શું કહેવું ?"

છેલ્લા દિવસની કથા પૂરી થઈ. બ્રાહ્મણ કથાકારે ધારેલું કે, ઘણા બધા રૂપિયા દક્ષિણામાં મળશે પણ તેણે એક **અદ્‌ભુત આશ્ચર્ય** જોયું ! શ્રોતાઓમાં કોઈ ફૂલ તો કોઈ પાંખડી, કોઈ સોપારી તો કોઈ સોપારીનો ટુકડો બ્રાહ્મણની પોથી ઉપર મૂકી વિદાય થવા લાગ્યા ! રૂપિયા-પૈસા કોઈ મૂકતું નથી ! છેવટે ગામના આગેવાન જેવા દેખાતા એક-બે ભાઈઓને બ્રાહ્મણે કહ્યું : "ભાઈઓ ! આ શું ? દક્ષિણામાં ઘણા રૂપિયા મળશે એવી આશાથી હું કથા કરતો હતો. એક મહિનો ગળું ખેંચી ભગવત્‌કથા સંભળાવી. તમે સૌએ સાંભળી એનો આવો બદલો ?"

એક આગેવાન ભાઈએ કહ્યું : "મહારાજજી ! તમે જ કહેલું કે ફૂલ નહિ તો ફૂલની પાંખડી, સોપારી નહિ તો સોપારીનો ટુકડો દક્ષિણારૂપે આપજો. આ ગામના લોકોએ તેનું અક્ષરે-અક્ષર પાલન કર્યું છે ! તમને સાચી વાત કરું ? આ ગામના લોકોને કથામાં રસ નથી. અહીં કોઈ દક્ષિણામાં રૂપિયા આપતું નથી એટલે આ ગામમાંથી એક પૈસો ય મેળવવાની આશા રાખવી નહિ !" આગેવાનો હસતાં-હસતાં જતા રહ્યા.

બ્રાહ્મણ એકલો પડ્યો. તેને અત્યંત દુઃખ થયું. તેનું લોહી ઊકળી ઊઠ્યું ! મનમાં એક ભયંકર હઠ જાગી ! આ ગામમાંથી હું માગું એટલે રૂપિયા મને મળવા જોઈએ, નહિ મળે તો હું ત્રાગું કરીશ ! ગામના પાદરમાં ચિતા ખડકી આત્મવિલોપન કરીશ ! અને આવેશમાં ગામમાં જાહેરાત પણ કરી દીધી કે, 'આવતી કાલ સાંજ સુધીમાં ગામલોકો અમુક રૂપિયા એકઠા કરી મને દક્ષિણારૂપે નહિ આપે તો કાલે સાંજે સંધ્યા સમયે ગામને પાદર ચિતા ખડકી બળી મરીશ !'

તે ખાધા-પીધા વિના ગામના ચોકમાં બેસી રહ્યો. ગામના

લોકો તરફથી ન કાંઈ પ્રતિભાવ મળ્યો કે દક્ષિણારૂપે ન એક પૈસો ય મળ્યો ! આ તે કેવું ગામ ? બ્રાહ્મણ ક્રોધમાં સળગી ઊઠ્યો. તે વધારે હઠે ચડ્યો ! સાંજે ગામને પાદર બળી મરવા તૈયાર થયો. આજુબાજુમાંથી લાકડાં લાવી ચિતા બનાવી. કોઈ ઉત્સવ હોય એમ આખું ગામ આ તમાશો જોવા પાદરમાં એકઠું થયું ! બ્રાહ્મણે ચિતા પાસે ઊભા રહી ચોપાસ નજર ફેરવી. મનમાં એવી આશા ખરી કે કદાચ ગામલોકો પોતાની પરીક્ષા કરતા હોય, છેલ્લી ઘડીએ રૂપિયા આપે, પણ એ આશા ઠગારી નીવડી. બસ, હવે તો બળી મરવું જ, એવા નિશ્ચય સાથે તે ચિતાની વધારે નજીક ગયો. ચિતા ઉપર ચડી આગ ચંપાય એટલી જ વાર હતી !

પરંતુ બ્રાહ્મણનું આયુષ્ય હજી બાકી હશે એટલે તેના સદ્‌ભાગ્યે રમતારામ સંત ત્યાં આવી ચડ્યા. માણસોની ભીડ અને બ્રાહ્મણને ચિતા પાસે ઊભેલો જોઈ કંઈક અજુગતું બની રહ્યું હોય એવો સંતને ખ્યાલ આવી ગયો. તેમણે બ્રાહ્મણ પાસે જઈને પરિસ્થિતિ વિષે પૂછ્યું. બ્રાહ્મણ સંતના ચરણમાં પડી રડી પડ્યો. સંતે આશ્વાસન આપ્યું. સ્વસ્થ થયા પછી બ્રાહ્મણે અથથી ઈતિ સુધી પોતાનું **દુઃખી વૃત્તાંત** સંભળાવ્યું. સંત હસી પડ્યા અને બોલ્યા : “બ્રહ્મદેવ ! તમે તમારા અમૂલ્ય માનવદેહનું વ્યર્થ બલિદાન આપી રહ્યા છો. તમે કુપાત્રના કર્ણમાં કથામૃત રેડ્યું, પરિણામ તમે જુઓ છો ! કથા તમે કોને સંભળાવી. આ બધા લોકોને ? આ બધાને તમે લોકો કહો છો - મનુષ્ય કહો છો પણ આ સમુદાયમાં એકે ય માણસ નથી ! બધા માત્ર માનવપશુ છે.”

> “ભગવાન જીવની ઉપર જ્યારે ઘણી કૃપા કરે છે ત્યારે જીવ આવા મનુષ્યદેહને પામે છે. ભગવાનની જીવ ઉપર **મોટી કૃપા** એ છે કે, જીવને મનુષ્યદેહ આપે છે. જીવ દેહ વિનાનો છે તેને ભગવાન દેહ રચાવી આપે છે.

મહાત્મા સંતે એક **ચમત્કારિક કાચ** બ્રાહ્મણને આપતા કહ્યું : “આ કાચની આરપાર આ સમુદાય તરફ દૃષ્ટિ કરો અને ખાતરી કરો જુઓ !” બ્રાહ્મણે એ કાચ આંખ આડે ધરી એ માનવટોળાં તરફ જોયું અને આશ્ચર્યચકિત થઈ ગયો ! એ માનવસમુદાયમાં ગર્દભ, શ્વાન, બિલાડા, શિયાળ, વરુ જેવા પશુઓ દેખાયા, એક પણ માણસ દેખાયો નહિ ! બ્રાહ્મણને પોતાની ભૂલ સમજાઈ, મહાત્માના પગમાં પડ્યો. મહાત્મા તેને સમજાવીને વિદાય થઈ ગયા. બ્રાહ્મણ પણ પોતાના પોટલા લઈ બીજા ગામે જવા નીકળી ગયો.

આમ, બધા જ માણસોમાં મનુષ્યત્વ હોવાનું કહી શકાય નહિ. મનુષ્યત્વ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો પડે છે, ત્યારે જ ભગવાનની કરુણા થાય છે. મનુષ્યત્વ એ માણસનું અંદરનું સત્ત્વ છે. વ્યક્તિમાં જ્યારે સદ્‌ગુણો ખીલે ત્યારે પ્રભુકૃપાથી તેનામાં મુમુક્ષુત્વ = દુઃખોથી મુક્ત થવાપૂર્વક ભગવાનને પ્રાપ્ત કરવાની **ઝંખના** જાગે છે.

## ભગવાનની કરુણાથી મુમુક્ષુત્વની પ્રાપ્તિ :

ભગવાનની પ્રાપ્તિમાં મુમુક્ષુત્વ પણ એક સાધન છે. જેના જીવનમાં મુમુક્ષુત્વ છે એવા સાધકના લક્ષણ સમજાવતાં સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

- “મુમુક્ષુ હોય તે તો રાજ આવે તે પણ મૂકી દઈને ભજન કરી લે.” (૧૨/૩૩)

- “મુમુક્ષુનું લક્ષણ એ જે, મોક્ષમાં વિઘ્ન કરનાર પદાર્થને ઈચ્છે નહિ.” (૧૨/૧૯૧)

સામાન્ય અને અસામાન્યનો ભેદ સદા સર્વત્ર હોય અને રહેવાનો જ. તેમ સંસારમાં આસ્તિક અને નાસ્તિકનો ભેદ સર્વદા રહેતો હોય છે. આસ્તિક જીવ સત્સંગના માર્ગે પ્રયાણ કરે છે. તેમ છતાં સત્સંગનું ખરું સુખ પામ્યાની ઈચ્છા તથા લગની બધાની એકસરખી હોતી નથી. કેટલાક વિષયી બની વિષયની પાછળ વહી જાય તો કોઈક આત્યંતિક કલ્યાણ-શ્રેયને માર્ગે ચાલે છે.

વિષયસુખનો ત્યાગ કરી મોક્ષને માર્ગે ચાલે તે જ મુમુક્ષુ કહેવાય. અર્થાત્ જેને એકમાત્ર આત્માના મોક્ષની જ ઈચ્છા હોય તેને જ મુમુક્ષુ કહેવાય. મુમુક્ષુ જીવ છે તે મોક્ષને માર્ગે ચાલીને મોક્ષને પામે છે અને જે મુમુક્ષુ નથી તે તો વિષયસુખને માર્ગે ચાલીને વિષયસુખને પામે છે.

મુમુક્ષુની **વિશેષ સ્પષ્ટતા** કરીએ તો,

- વાંચન, શ્રવણ, વક્તવ્ય, ગાન આદિ બધાં જ સાધન પાછા વળવાના વિચાર સાથે જ કરે તેને **‘મુમુક્ષુ’** કહેવાય.

- જે સંસારની ઓળઘોળથી અળગા રહી અધ્યાત્મના ઊંડાણમાં મરજીવા થઈ સફર કરતા હોય તેને ‘મુમુક્ષુ’ કહેવાય.

- જેને દૈહિક સુખની કોઈ સ્પૃહા ન હોય અને ભૌતિક સંસાધનો વિષે રાગ ન હોય અને એકમાત્ર ભગવાનને જ પામવાની ઈચ્છા હોય તેને ‘મુમુક્ષુ’ કહેવાય.

- જેની વૃત્તિ માયિક અને લૌકિક પંચવિષયથી પાછી વળેલી હોય અને એકમાત્ર ભગવાન શ્રીહરિની મૂર્તિનું સુખ પામ્યાનો જ આલોચ હોય તેને ‘મુમુક્ષુ’ કહેવાય.

- જે ભગવાન શ્રીહરિ અને સત્પુરુષો દ્વારા રચિત સત્શાસ્ત્રો થકી જ્ઞાનવાર્તા સાંભળી તેનું મનન-ચિંતન કરી જીવનમાં દૃઢાવ કરવા મંડ્યો રહેતો હોય તેને ‘મુમુક્ષુ’ કહેવાય.

- જે નિરંતર ‘સ્વ’ કહેતા આત્માના વિકાસ માટે મંડ્યો રહે તેને ‘મુમુક્ષુ’ કહેવાય.

- જે આત્માને પરમાત્માના સ્વરૂપને પામવાનો વેગ જાગે તે આત્માને 'મુમુક્ષુ' કહેવાય.

ભગવાન શ્રીહરિ કારિયાણી પ્રકરણના ૧૦મા **વચનામૃત**માં મુમુક્ષુની **ઉત્કૃષ્ટ ભૂમિકા**ની વાત કરતાં કહે છે : "જેને જે વાતનો ઈશક હોય તે વચમાં હજારો અંતરાય આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ, ત્યારે તેનો **સાચો ઈશક** જાણવો."

એટલે કે, જે આત્માને પરમાત્માના સ્વરૂપને પામવાનો વેગ જાગે તેને આ લોકની કોઈ સંપત્તિ, રાજ્ય, સત્તા, રૂપ, આબરૂ કે વિષયસુખનાં પણ કોઈ બંધન રહેતાં નથી. નદી જ્યારે સમુદ્રને મળવા વેગવાન બને છે ત્યારે પોતાનું ભાન ભૂલી જાય છે. તેમ જ્યારે મુમુક્ષુ આત્માને પરમાત્માના સુખને પામવાનો ઈશક જાગે ત્યારે પોતાનું સર્વસ્વ ત્યજી દે છે.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પણ 'મુમુક્ષુ કોને કહેવાય' તેની ઓળખાણ કરાવતાં પ્રથમ પ્રકરણની ૬૪મી વાતમાં કહ્યું છે કે, "- "ઉત્તમ મુમુક્ષુના લક્ષણ એ છે જે સત્પુરુષને ઓળખી કાઢે અને તેને મન સોંપી દે, ને એમના સમાગમને અર્થે સર્વ પ્રકારની ભીંસણ ખમે ને કોઈક ઉત્તમ વિષયને વિષે લોભાવે તો પણ ન લોભાય ને ધર્મજ્ઞાનાદિક ને દેશકાળાદિકના વિષમપણાએ કરીને પણ તે મૂકી શકે નહિ, ને આત્મા અનાત્માનો વિચાર કર્યા કરે." ઉદેપુરના રાણી ઝમકુબા જેવાના પ્રેરણાપ્રસંગથી આપણે પણ તેવા ગુણ ધારણ કરી મુમુક્ષુ બનીએ.

મુમુક્ષુમાં મુમુક્ષુતા પ્રગટે પછી જ મુક્તતા પ્રગટવાનો પ્રારંભ થાય છે. મકાન બાંધવા માટે પ્રથમ જમીન હોવી ફરજિયાત છે. જમીન હોય પછી નક્કી કરી શકાય કે મકાન બાંધવું કે ફ્લૅટ કરવો ? જમીનના આધારે જ નક્કી કરી શકાય. તેમ સત્સંગમાં જમીન કહેતાં મુમુક્ષુમાંથી મકાન કે ફ્લૅટ કહેતાં મુક્ત બનાવવાની પ્રક્રિયા થાય છે. તેમાં જમીનરૂપ મુમુક્ષુતા હોવી ફરજિયાત છે.

મુમુક્ષુને શોભે એવા **દિવ્ય ગુણો** એટલે જ મુમુક્ષુતા. મુમુક્ષુતા એ એક-બે દિવસના પ્રયત્નથી સિદ્ધ થતી પદવી નથી. ગુણોના આવિર્ભાવથી ઝળહળતું **દિવ્યજીવન** છે.

ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૧૬મા **વચનામૃત**માં અતિશે શ્રદ્ધાવાન મુમુક્ષુના લક્ષણ વર્ણવતાં કહે છે : "જેને તીવ્ર શ્રદ્ધા હોય તેને જ્યારે ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્ કથાવાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસીપૂજા કરવી હોય ઈત્યાદિક જે જે ભગવાનસંબંધી ક્રિયા તેને કર્યા સારુ સ્નાનાદિક જે પોતાની દેહક્રિયા તેને અતિશે ઉતાવળો થઈને કરે, અને કાગળ લખીને અમે કોઈ વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને અર્થે પણ આકળો થઈ જાય અને મોટું માણસ હોય તોપણ ભગવાનનાં દર્શન સારુ બાળકની પેઠે આકળાઈ કરવા માંડે." એટલે કે જે મુમુક્ષુ હોય તેને ભગવાનસંબંધી ક્રિયા કરવામાં ઢીલાશ ન આવે, અતિશે તત્પર થઈને કરે. ગમે તેવા સંજોગ-પરિસ્થિતિ આવે તોપણ તે કરે જ.

ભગવાન શ્રીહરિના સ્વરૂપને વિષે અતિશે પ્રીતિ-આસક્તિ એ પણ **મુમુક્ષુતા** જ છે. તે કેવી હોવી જોઈએ તે દર્શાવતા શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૨૯મા વચનામૃતમાં કહે છે : "ભગવાનના સ્વરૂપને વિષે જે ભક્તનું ચિત્ત અતિ આસક્ત થયું હોય તેનાં આવાં લક્ષણ હોય જે, પોતે માર્ગે ચાલીને અતિશય થાકી રહ્યો હોય ને બેઠું થવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય ને તેવા સમામાં કાંઈક ભગવાનની વાર્તાનો પ્રસંગ નીસરે તો જાણીએ એકે ગાઉ પણ ચાલ્યો નથી એવો સાવધાન થઈને તે વાર્તાને કરવા-સાંભળવામાં અતિશય તત્પર થઈ જાય. અથવા ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય ને તેવામાં જો એ ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વ દુઃખ થકી રહિત થઈ જાય. અને વળી ગમે તેવી રાજ્યસમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો જણાતો હોય અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો. એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય. એવી જાતનાં જેને વિષે લક્ષણ હોય તેને એ ભગવાનને વિષે **દૃઢ આસક્તિ** થઈ જાણી." એવી અતિશે આસક્તિ એ જ **ઉત્કૃષ્ટ મુમુક્ષુતા** છે.

આધ્યાત્મિક માર્ગમાં સાચા મુમુક્ષુ બની મુમુક્ષુતા પ્રગટાવવી પડે; તો જ આ માર્ગ નિર્વિઘ્ને આગળ વધે છે. શું ઉતાવળ છે ? ઘણો સમય છે, જીવન આખું બાકી છે. થશે, કરશું, આટલું નહિ કરીએ તો ચાલશે, ભગવાનની મરજી હશે તેમ થશે.... અત્યારે નહિ તો કાંઈ નહિ; દેહને અંતે તો સુખ આવવાનું જ છે ને ! આવા હિંમત વિનાના અને આળસભર્યા ભક્તપણાથી આધ્યાત્મિક માર્ગમાં રુકાવટ આવી જાય છે. પ્રગતિ ન થાય, ઠેરના ઠેર રહેવાય અને અંતે જાતા ભક્ત સંજ્ઞામાંથી નીકળી પણ જવાય. જ્યારે ગમે તેવા વિપરીત દેશ-કાળ-ક્રિયા ને સંગ હોય પરંતુ જો મુમુક્ષુતા ખરી હોય તો જેમ કમાનમાંથી તીર છૂટે તેવી ત્વરિતતાથી-તત્પરતાથી પ્રાપ્તિની સ્થિતિ સુધી પહોંચવા માટે મંડ્યા રહેવાય અને તેની ભેળા ભગવાન શ્રીહરિ જરૂર ભળે છે. તે પ્રતિકૂળ સંજોગોને પણ સાનકૂળ કરી દે છે. પરંતુ એ માટે અત્યંત મહત્ત્વની છે મુમુક્ષુતા !!

કારિયાણીથી ત્રણ ગાઉ દૂર આવેલ **પાણવી** ગામના **પુંજા ડોડિયા** પૂર્વ જન્મના બલિષ્ઠ સંસ્કારવાળા શુદ્ધ મુમુક્ષુ હતા.

તેઓ બાલ્યાવસ્થાથી જ તપ-ત્યાગ રાખી કડક નિયમો પાળતા. વિશેષપણે એકાંતમાં બેસી ધ્યાન-ભજન કરતા. અંતરમાં એક **ઈચ્છા** રહ્યા કરતી : 'આ ને આ દેહે પ્રગટ પ્રભુનાં દર્શન કરી કામ કાઢી લેવું છે.' પોતાના નક્કી કરેલા ધ્યેયને પામવા ખૂબ ભજન-ભક્તિમાં તલ્લીન રહેતા. પરંતુ પુંજા ભક્તની ઈચ્છા પૂરી ન થતાં તેમણે **દઢ સંકલ્પ** કર્યો કે, "જો આ દેહથી પ્રગટ પરમાત્માનાં દર્શન ન થાય તો આવું વ્યર્થ જીવન જીવ્યાનો શું લાભ ? માટે હવે કોઈ પવિત્ર તીર્થભૂમિમાં જઈ આ દેહનો ત્યાગ કરી દેવો."

દઢ સંકલ્પ સાથે પુંજા ડોડિયા ભાવનગર તરફ નાના ગોપનાથ પાસે ગયા. સમુદ્ર કિનારે એક પૂજનીય લિંગ હતું; ત્યાં જઈને બેઠા. દર પૂનમે સમુદ્રમાં ભરતીની વેળ આવે ત્યારે આખું લિંગ ખારા પાણીથી ઢંકાઈ જતું. પૂનમની ભરતી આવવા લાગી ત્યારે પુંજાભક્તે લિંગને બાથ ભીડીને પકડી લીધું. પરંતુ ભરતીનો એવો જોરદાર ધક્કો વાગ્યો કે પુંજા ભક્તને ઠેલીને દરિયાની બહાર ફેંકી દીધા. પુંજા ભક્ત વિચાર કરવા માંડ્યા કે , "આવા અગાધ સમુદ્રના પાણીમાં પણ હું કેમ જીવતો રહ્યો ? માટે મારે બીજી ભરતીમાં જરૂર મરી જવું છે." એમ વિચાર કરી તેઓ સમુદ્રના ઊંડા પાણીમાં પડવા માટે ચાલ્યા. એ વખતે જ આકાશવાણી થઈ કે, "અરે ભાઈ ! તું શા માટે અહીં વ્યર્થ મરે છે ? ઘેર જા, તને પ્રગટ પ્રભુ મળશે." આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** 'ભક્ત ચિંતામણી' ગ્રંથના ૧૩૯મા પ્રકરણમાં લખે છે :

'હવે મરવું મારે જરૂર, પડું જઈને હું આવતે પૂર;
એમ નિશ્ચે કરી ચાલ્યો જ્યારે, થઈ આકાશવાણી તે વારે.
કહે અમથો મરે શિદ આંઈ, પ્રભુ મળશે તું જા ઘેર ત્યાંઈ;
સ્વામી સહજાનંદજી છે જેહ, આજ પ્રકટ પ્રભુ છે તેહ.
તારે ગામે આવ્યા તેના જન, થાજે સત્સંગી માની વચન; એવી
સુણી આકાશની વાણી, વળ્યો પુંજો તે વિશ્વાસ આણી.
દીઠા સંત આવ્યો જ્યારે ઘેર, મળી વાત રહ્યો નહિ ફેર; આવી
લાગ્યો સંતને ચરણે, સાધો હું છઉં તમારે શરણે.'

પુંજા ભક્તની સાચી મુમુક્ષુતા હતી તો ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં આકાશવાણી દ્વારા તેમને **સાચો રાહ** બતાવી પોતાનો ભેટો કરાવ્યો અને સત્સંગમાં **અચળ પાયો** દઢ કરાવ્યો.

પુંજા ભક્તની જેમ આધ્યાત્મિક માર્ગમાં પ્રભુપ્રાપ્તિની સ્થિતિ તરફ ચાલતા મુમુક્ષુને ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ થયા પછી સ્થિતિના માર્ગે ચાલવામાં હંમેશાં ઊર્ધ્વગતિ થાય તે માટે સતત જાગૃત અને ખબરદાર રહેવું પડે કહેતાં ઉચ્ચ મુમુક્ષુતા જીવનમાં દઢ કરવી જ પડે; નહિ તો આધ્યાત્મિક માર્ગમાં મુમુક્ષુતાના અભાવે અટકી પડાય. જેને મુમુક્ષુતા દઢ હોય તે આત્યંતિક કલ્યાણના માર્ગમાં આવતાં વિઘ્નો સામે લડી શકે છે. તેની સામે ટકીને ઊભા રહી શકે છે. હંમેશાં પોતાના મન સામે લડી શકે છે. ભગવાન **શ્રી સ્વામિનારાયણ** ગઢડા અંત્ય પ્રકરણના ૬ઠ્ઠા વચનામૃતમાં મુમુક્ષુતા હોય અને મુમુક્ષુ કેવી રીતે લડે તે દર્શાવતાં કહે છે : "કલ્યાણના માર્ગથી અવળી રીતે અધર્મની વાર્તા પોતાનું મન કહે અથવા બીજો કોઈ માણસ કહે તો તેને સંગાથે જે શુદ્ધ મુમુક્ષુ હોય તેને અતિશે વેર થઈ જાય છે. પછી પોતાનું મન અથવા બીજો માણસ તે ફરીને તેને તે વાર્તા કહેવા આવે નહિ અને મન છે તે જીવનું મિત્ર જ છે તે જીવને ન ગમે એવો ઘાટ ઘડે જ નહીં."

મુમુક્ષુત્વ એટલે મુક્ત થવાની, પૂર્ણ બનવાની પરમશાંતિની પ્રાપ્તિ કરવાની કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઈચ્છા. માણસ વિદ્વાન, જ્ઞાની કે પંડિત બની શકે, યોગી કે ભક્ત પણ બની શકે. એ બધા કઠિન કહેવાતા પદને પ્રાપ્ત કરી લે, તો પણ મુમુક્ષુ ન બની શકે. એ મુમુક્ષુ હોય અથવા ન પણ હોય. મુમુક્ષુ થવાનું કામ મુશ્કેલ છે. ખૂબ જ ભૂખ લાગે અથવા તરસ લાગે અથવા ચારે તરફથી આગ લાગે કે પાણીમાં ડૂબાડી રાખે ત્યારે તેમાંથી છૂટવા માટે કેવી ઉત્કટ ઈચ્છા થાય છે ? તેમ અશાંતિ અને અલ્પતામાંથી નિવૃત્ત થવાની તથા ભગવાનનો સાક્ષાત્કાર કરવાની એવી ઉત્કટ ઈચ્છા અથવા તો એથી પણ વધારે ઉત્કટ ઈચ્છાને મુમુક્ષુત્વ કહી શકાય. એ ઈચ્છા ક્ષણભંગુર અથવા અલ્પજીવી ન હોવી જોઈએ. મુક્ત થવાની એવી તીવ્ર ઈચ્છા અત્યંત દુર્લભ છે.

જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજી **'વિવેકચૂડામણિ'** ગ્રંથમાં કહે છે : 'दुर्लभं त्रयमेवैतत् दैवानुग्रहहेतुकम् । मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ।।' - મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને મહાપુરુષના યોગ રૂપી સત્સંગની પ્રાપ્તિ - આ ત્રણ **દુર્લભ વસ્તુઓ** ભગવાનની કૃપાથી મળે છે.

પૂર્વ સંસ્કારથી અને ભગવાનના મહિમાની વાતો સાંભળવાથી મુમુક્ષા જાગે છે. રુક્મિણીએ શ્રીકૃષ્ણ ભગવાનના મહિમાની વાતો સાંભળી અને તેમને ભગવાનને જ વરવાની મુમુક્ષા જાગી હતી. તેઓ કહેતા : 'વરું તો એક શ્રીકૃષ્ણને જ વરું, નહિતર જીભ કચડીને મરું.'

બાઈ મીરાંને પણ પ્રભુમિલનની આવી **અભીપ્સા** જાગી હતી અને તેઓ ગાઈ ઊઠતા : 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ.' પ્રભુદર્શનના દરદમાં તે દીવાની થઈ ગઈ હતી. કોઈ તેને પૂછે કે 'તને થયું છે શું ?' ત્યારે કહેતી કે 'મારા દરદની તમને ખબર નહિ પડે.' કારણ કે, 'ઘાયલ કી ગત ઘાયલ જાને, કી જો ઘાયલ હોય; જલ બિન જૈસે મછલી તરસે, સો ગત મેરી હોય. એરી મેં તો દરદ દિવાની મેરા દરદ ન જાને કોય...'

તેને કોઈ પૂછતું કે 'આ દરદ ક્યારે મટશે?'

ત્યારે તે કહેતી : 'દરદ કી મારી બન બન ઘૂમું, બૈદ્ય મિલ્યો નહિ કોય; મીરાં કી પ્રભુ પીર મીટેગી, જબ બૈદ્ય સાંવરિયા હોય...'

છેવટે મીરાંબાઈ દ્વારિકામાં ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગયા અને પીર મટી ગઈ.

મહારાણી ઝમકુબાએ ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે ઉદેપુરનું રાજ્ય છોડી દીધું હતું.

કુશળકુંવરબાઈને પણ ભગવાન શ્રીહરિના પ્રગટપણાની વાતોની સાંભળીને દર્શનની લગની લાગી હતી. તેમની મુમુક્ષુતા જોઈ ભગવાન શ્રીહરિ ગઢપુરથી છેક ધરમપુર પધાર્યા હતા.

એક બાળકે તેની માને કહ્યું : "મને ભૂખ લાગે ત્યારે જગાડજે."

ત્યારે તેની માએ કહ્યું : "બેટા! તને ભૂખ લાગશે ત્યારે તું જાતે જ જાગી જઈશ."

એમ મુમુક્ષા જાગે ત્યારે પ્રભુદર્શન સુલભ બને છે.

સુભાષિત સાચું જ કહે છે : 'अन्धस्य मुकुरेण किम् ।' - અંધને દર્પણથી શો ફાયદો ? ભોજન સામે હોય પણ ભૂખ જ ન લાગી હોય તો શો ફાયદો ? પ્રભુ પ્રગટ વિચરતા હોય, તેમની સાથે રહેતા હોઈએ, પણ મુમુક્ષતા ન જાગી હોય તો મળ્યું પણ ન મળ્યા જેવું જ થયું ને ! ભગવાનની કરુણાનો વરસાદ સદૈવ દરેક ઉપર વરસે છે, પણ આપણું માટલું જ ઊંધુ હોય તો ? મુમુક્ષતા વિના પરમાત્મા મળે નહિ.

રામકૃષ્ણ પરમહંસ હુગલી નદી કાંઠે ઊભા હતા. કોઈએ તેમને પૂછ્યું : "ભગવંત ! ભગવાન કેમ મળે ?" તેઓએ તરત જ તેને નદીમાં નાખી થોડીવાર ડૂબાડી રાખ્યો. પછી તેને બહાર કાઢી પૂછ્યું : "તને પાણીમાં ડૂબાડ્યો ત્યારે તને રસગુલ્લાં ખાવાના, હરવા-ફરવાના વગેરે સંકલ્પો થતા હતા ?"

તેણે કહ્યું : "અરે ! હું તો ગૂંગળાઈ જ ગયો હતો, કેમ કરીને પાણીમાંથી બહાર નીકળું એવો એક જ સંકલ્પ રહેતો હતો."

રામકૃષ્ણ પરમહંસે કહ્યું : "તે જે પ્રશ્ન પૂછ્યો તેનો આ જ જવાબ છે કે તને જેમ પાણીમાંથી બહાર નીકળવાની તાલાવેલી હતી, તેમ તને ખબર પડવી જોઈએ કે તું સંસારસાગરમાં ડૂબી રહ્યો છે અને બહાર નીકળવા મથી રહ્યો છે. આવી તડપન-મુમુક્ષતા જાગે તો પ્રભુ મળે."

આવી તડપન નૂરજહાંની પુત્રી શાહજાદી **આઝ્ઝને** થયેલી.

ભક્તકવિ સૂરદાસજીના **ભક્તિ સંગીતની** ખ્યાતિ નૂરજહાંને કાને પડી. એકવાર નૂરજહાંને સૂરદાસજીનું કીર્તન-ભક્તિ સંગીત સાંભળવાની ઈચ્છા થઈ. તેણે અબ્દુલ રહીમ ખાનખાનાને સૂરદાસજીને દિલ્હી તેડાવવા આમંત્રણ પાઠવવા વૃંદાવન મોકલ્યા. અબ્દુલ રહીમે સૂરદાસજીને દિલ્હીમાં આવીને નૂરજહાંને સંગીત સંભળાવવાનું નૂરજહાં વતી વિનીતભાવે **આમંત્રણ** આપ્યું.

સૂરદાસજીએ કહ્યું : "અમે તો દેવદરબારમાં ગાઈએ છીએ. રાજદરબારમાં અમારું કામ નહિ."

અબ્દુલ રહીમે કહ્યું : "સૂરદાસજી ! આપ તો પ્રજ્ઞાચક્ષુ છો. આપની સામે દેવદરબાર હોય કે રાજદરબાર, આપને કંઈ ફરક પડતો નથી." આમ કહી તેમણે ઘણો આગ્રહ કર્યો, એટલે સૂરદાસજી દિલ્હી જવા તૈયાર થયા.

દિલ્હીના રાજદરબારમાં **સૂરદાસજી** પધાર્યા. જહાંગીરે તેમનું સ્વાગત કર્યું. આસને પધરાવ્યા. પછી જહાંગીર પોતાના આસને બેઠા. બેગમો અને શાહજાદીઓ જનાનખાનામાં મર્યાદા મુજબ બેઠી. મોગલ દરબારીઓ પણ યથાસ્થાને ગોઠવાઈ ગયા.

સૂરદાસજીએ નંદનંદનની સલૂણી મૂર્તિને હૃદયમાં ધારીને એક પછી એક કૃષ્ણભક્તિના પદો ગાવા માંડ્યા. પ્રેમ, ભક્તિ અને રાગની ત્રિવેણી રચાઈ ગઈ. સ્થળ અને સમયનું ભાન ભૂલાઈ ગયું. દિલ્હીમાં જાણે વૃંદાવન ખડું થઈ ગયું. જ્યારે તેમનું સંગીત થંભ્યું ત્યારે જનાનખાનામાંથી નૂરજહાંની શાહજાદી આઝ એકદમ દોડતી આવી સૂરદાસજીના ચરણો પકડી લીધા અને તેમને વિનવવા લાગી : "મને એ નંદનંદનના દિદાર કરાવી દો!"

કૃષ્ણભક્તિના પદોની શાહજાદી આઝના હૃદય ઉપર ઘેરી અસર થઈ હતી. તેનો આત્મા શ્રીકૃષ્ણ દર્શન માટે આકુળ-વ્યાકુળ થઈ ગયો હતો.

જહાંગીરે આ દૃશ્ય જોયું. તેને આઘાત લાગ્યો કે 'મારી શાહજાદી એક હિન્દુ ફકીરના કદમો ચૂમે ! આવું બને જ કેમ !'

જહાંગીરે સત્તાવાહી શાહી અવાજે કહ્યું : "ઊભી થઈ જા, આ આપણી રીતિ નથી. સંગીતના જલસામાં બેસવું એ દરબારી શિરસ્તો છે અને સંગીત સાંભળવું એ મોગલાઈ રસ છે. પણ આવી તડપન ન થવી જોઈએ."

શાહીજાદી આઝને તો **'કબ દેખું કિરતાર'** એ જ એક લગન હતી.

જહાંગીરે જાણ્યું કે શાહજાદી આ રઢ મૂકશે નહિ. એટલે ગુસ્સે થઈ તેને તુરંગમાં નાખી. શાહજાદીએ ત્રણ દિવસ સુધી ખાધું-પીધું નહિ.

નૂરજહાંને દીકરીની દયા આવી ને જહાંગીરને વિનવ્યા કે 'આપણે ઘેર મરે તેના કરતા તેને છૂટ્ટી મૂકી દો. ભલે જ્યાં જવું હોય ત્યાં જાય.'

શાહજાદી જેવી છૂટી એવી તીરના વેગે વૃંદાવન પહોંચી.

મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન માટે પ્રવેશ કરવા ગઈ ત્યાં તેનો મુસલમાની પહેરવેશ જોઈ પૂજારીએ મંદિરમાં પ્રવેશ કરવા દીધો નહિ. શાહજાદીએ કહ્યું : "મને કેમ દર્શન કરવા દેતા નથી ? મેં સાંભળ્યું છે કે વૃંદાવનના મંદિરોમાં તો ભગવાન શ્રીકૃષ્ણ નાચે છે !"

પૂજારીએ કહ્યું : "અમે વરસોથી અહીં ઘંટડીઓ વગાડીએ છીએ, પણ કોઈ દિવસ અમને ભગવાન શ્રીકૃષ્ણના દર્શન થયા નથી. માટે અહીં કશું છે નહિ ! ભાગ અહીંથી !"

શાહજાદી આઝ આખો દિવસ મંદિર-મંદિર ઘૂમી, પરંતુ કોઈ મંદિરમાં પ્રવેશ મળ્યો નહિ. છેવટે નમતે પહોર, થાકેલ પગે અને ભાંગેલ હૈયે બાંકે બિહારીના મંદિર ગઈ. ભાગ્યયોગે ત્યાં પૂજારી હાજર નહોતો. બાંકે બિહારીના નયનરમ્ય સલૂણી મૂર્તિના દર્શન કરતા જ તેના હૃદયમાં ભક્તિભાવની ભરતી ચઢી અને હૃદયમાંથી ફુવારાની જેમ પંક્તિ છૂટી :

સુની હો સુજાની મેરે દિલકી કહાની,
તેરે હાથમેં બિકાની, બદનામી ભી સહુંગી;
દેવપૂજા ઠાની તજ કલમા કુરાની,
નિમાજ હું ભૂલાની, તેરે ગુનહી કો ગ્રહુંગી;
શ્યામલે સલોને શિરતાજ શિર કલાધાર,
તેરે નેહ દાગમેં નિદાગ હો કે બહુંગી;
નંદ કે કુમાર કુરબાન તેરી સુરત પે,
હો તો મુઘલાની, હિંદવાણી હો રહુંગી.

હરિઈચ્છાએ સૂરદાસજી ત્યાં જ હતા. તેમણે શાહજાદીનો અવાજ પારખ્યો. તે સમયે ચંદ્રોદય થયો હતો. સૂરદાસજીએ શાહજાદી આઝના માથે હાથ મૂક્યો અને બોલ્યા : "બેટી ! આજથી તારું નામ **ચંદ્રસખી.** હવે તું અહીં જ રહે અને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના ગુણાનુવાદ ગાઈ ભક્તિ કર."

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની આ ચંદ્રસખી પછી તો ત્યાં વૃંદાવનમાં જ રહી ગઈ. તે મુગલાની મટી 'ચંદ્રસખી' બની ભગવાન શ્રીકૃષ્ણને સમર્પિત થઈ ગઈ. 'ચંદ્રસખી ભજ બાલમુકુંદા' નામાચરણવાળા ઉત્તર ભારતમાં ગવાતા તેના અનેક પદોમાં શાહજાદી આઝ આજે પણ અમર છે. કારણ ? મુમુક્ષુત્વ.

મુક્તાનંદ સ્વામીએ પણ ગાંડપણ કરીને ગૃહત્યાગ કર્યો અને ભગવાન શ્રીહરિનું ભજન કર્યું. ગાંડો થાય ત્યારે **પ્રભુભજન થાય.**

કચ્છના **મૂળજી** અને **કૃષ્ણજી** ખરેખરા મુમુક્ષુ હતા. ભગવાન શ્રીહરિએ તેમની પરીક્ષા કરવા તેમનો ખૂબ તિરસ્કાર કર્યો છતાં પાછા પડ્યા નહિ. છેવટે તેમને સાધુ કર્યા. કારણ ? મુમુક્ષુત્વ.

બ્રહ્માનંદ સ્વામી ત્યાગી થયા તે જાણી તેમના પ્રશંસક વડોદરાના ગાયકવાડ સરકારે તેમને કહેવડાવ્યું કે જો તમે પાછા આવો તો તમને પચીસ ગામનું પરગણું, રહેવા હવેલી, બેસવા માટે હાથી, મેનો અને સુખપાલ આપું અને રાજકવિનું પદ આપું; પણ સહજાનંદના ઢાઢી બનેલા બ્રહ્માનંદ પીગળ્યા નહિ. તેમણે આ ઈજન(આમંત્રણ)ને ઠુકરાવી દીધું. કારણ ? મુમુક્ષુત્વ.

શાહજાદી આઝના જેવી મુમુક્ષુ **વિનોદિનીનો પ્રસંગ** પણ પ્રેરણાદાયી છે.

સન ૧૮૬૩માં કલકત્તાના ગરીબ લત્તામાં દલિત જ્ઞાતિના અત્યંત ગરીબ ઘરમાં જન્મેલી **વિનોદિની** રૂપવતી હતી અને સંગીતમાં કુશળ હતી. નાટકોના અભિનયમાં ઉત્તમ હતી. એકવાર તેમણે ગૌરાંગ મહાપ્રભુનો અભિનય કર્યો. સન ૧૮૮૪ની એકવીસમી સપ્ટેમ્બરના શૉમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ આ નાટક જોવા આવ્યા હતા. તેમણે રાજી થઈ વિનોદિનીને આશીર્વાદ આપ્યા કે, 'તને ચૈતન્ય પ્રાપ્તિ થાઓ.'

પછી ઠાકુરની છેલ્લી અવસ્થામાં તેણે તેમના છેલ્લા દર્શન કર્યા અને તેને પ્રભુદર્શનની અદમ્ય **ઝંખના** જાગી. લોકોની ભરપૂર પ્રશંસા અને અઢળક સમૃદ્ધિમાંથી રસ ઊડી ગયો. સ્ટાર થિયેટર્સના માલિક ગુર્મુખરાયે કહ્યું : "આખું સ્ટાર થિયેટર તારે નામે કરી દઉં. મારી સઘળી સંપત્તિ તારી, પણ તું આ નાટ્યક્ષેત્ર છોડીશ નહિ."

વિનોદિનીને તો ભગવાન શ્રીકૃષ્ણના દર્શનની **રટ** લાગી હતી. શ્રી રામકૃષ્ણ પરમહંસના દેહોત્સર્ગ પછી ૨૩ વર્ષની ભર યુવાન વયે સાપ કાંચળી ઉતારે તેમ બધું જ છોડીને તે એક સાધ્વીના સ્વાંગમાં વૃંદાવન પહોંચી. ૫૫ વર્ષ સુધી ભક્તિમય પવિત્ર જીવન જીવી અને ૭૯ વર્ષની ઉંમરે તેણીએ દેહ છોડ્યો. ચૈતન્ય સ્વરૂપ બની ગઈ. કારણ ? મુમુક્ષુત્વ.

સંતો કોઈને મંદિર આવવાનું કહે ત્યારે તે કહે કે 'ભગવાનની ઈચ્છા થશે ત્યારે આવીશું.' આવી ભગવાનની ઈચ્છાની રાહ જોનારાઓમાં મુમુક્ષતા જાગતી નથી. દાળિયા ખાઈને ઉપર પાણી પીવાથી પેટ ફૂલી ગયું હોય ત્યારે સામે લાડુ હોય તોય ખવાય નહિ; તેમ પંચવિષયમાં આસક્ત થયેલા વિષયીજીવો ભગવાનનું ભજન કરી શકતા નથી.

શ્રેય અને પ્રેયમાં મોટા ભાગના લોકો પ્રેયમાં જ ખેંચાય છે. શાસ્ત્રકારોએ તેવાઓને મંદબુદ્ધિવાળા કહ્યા છે, પરંતુ તેઓ પોતાને તીક્ષ્ણ બુદ્ધિવાળા માને છે ! ખાઓ, પીઓ અને વિષય ભોગવો 'Eat, drink and merry' - આ પ્રેયસ્ માર્ગ છે. ગાડરિયા પ્રવાહની જેમ અનંત કાળથી મોટા ભાગના જીવાત્માઓ અભાનપણે આ માર્ગે ચાલી રહ્યા છે. આ

માર્ગને જ તેમણે ધોરીમાર્ગ માની લીધો છે. 'આ સિવાય બીજો કોઈ રસ્તો હોઈ શકે' એવી કલ્પના પણ તેમને નથી. આ માર્ગ ક્યાં જાય છે તેનું પણ તેમને ભાન નથી. માર્ગ છે એટલે એના ઉપર ચાલવું છે. આ સિવાય કંઈ સમજ્યા જ નથી. આ લોકાયત પંથ છે.

'यावज्जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पिबेत् । भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः ।।' - 'જેટલું જીવવાનું છે, તેટલું મોજશોખથી જીવો. દેવું કરીને પણ ઘી પીઓ. ભસ્મીભૂત થયેલા દેહનું ફરી પાછું (દેવું ચૂકવવા) આવવાનું જ નથી.' આમ કહીને ચાર્વાકે આ માર્ગની પુષ્ટિ કરી છે.

એકવાર જૂનાગઢમાં મજેવડીના દરવાજે એક છોકરો આમતેમ દોડતો હતો. ગુણાતીતાનંદ સ્વામીએ તેને રોક્યો અને પૂછ્યું : "અલ્યા ! ક્યાં જા છો ?"

છોકરો બોલ્યો : "ક્યાંઈયે નહિ. એમ ને એમ દોડું છું."

સ્વામીએ કહ્યું : "જુઓ, જીવ-પ્રાણીમાત્ર વિષયને માર્ગે આમ ને આમ જીવનભર દોડે છે. શું કરવા આવ્યા છીએ અને ક્યાં જવું છે ? તેનો વિચાર જ નથી !"

આ ગાડરિયા માર્ગનો કોઈ અંત જ નથી. સાંસારિક સુખોની પ્રાપ્તિ માટે માણસ ખૂબ દોડે છે, પણ તેને સુખ મળતું નથી, કેવળ મજલનો થાક જ મળે છે.

એલીસ નામની એક **નાની છોકરી** એકવખત એક અજાયબી નગરીમાં પહોંચી ગઈ. એક વૃક્ષ નીચે તેને **રેડ ક્વીન** - રાતી રાણી મળી ગઈ. એલીસને પણ રાણી થવાનું મન થયું. રાણીએ તેનો હાથ પકડીને કહ્યું : "તું મારી સાથે દોડ." અને એલીસ રાણીનો હાથ પકડીને દોડવા માંડી. રાણી એટલી બધી ઝડપથી દોડતી હતી કે જાણે ઊડતી હોય ! એલીસ રાણી સાથે દોડી દોડીને થાકી ગઈ. રાણીએ કહ્યું : "એલીસ ! દોડ્યે રાખ. ઊભી ના રહીશ. સાંજ ઢળતી જાય છે !" એલીસ દોડી દોડીને થાકીને લોથપોથ થઈ ગઈ. તે બંને જ્યારે થાક ખાવા થંભ્યા ત્યારે એલીસે જોયું કે જે વૃક્ષથી તેમણે દોડવાથી શરૂઆત કરેલી તેનું તે વૃક્ષ હતું અને આજુબાજુનું દૃશ્ય પણ તેનું તે જ હતું ! આશ્ચર્ય પામીને એલીસે રાણીને પૂછ્યું : "રાણીબા ! તમારી કેવી દુનિયા છે કે આટલું બધું દોડવા છતાં આગળ પહોંચાતું જ નથી ?!"

એલીસની આ વાર્તા તો કાલ્પનિક છે, પણ જીવનમાં ઘણી **વાસ્તવિક** છે. ઝાંઝવાના જળ જેવા સાંસારિક સુખો પાછળ માણસો ઘણું દોડે છે, પણ અંતર કપાતું જ નથી. ગાળો ઘટતો જ નથી અને દોડતાં થાક સિવાય કશું મળતું નથી. કોઈકે સાંસારિક સિદ્ધિઓ મેળવી હોય તેવું આપણને લાગે ખરું, પરંતુ તે મેળવ્યા છતાં સુખ, સંતોષ કે શાંતિ તો મળતાં જ નથી. સિકંદરે અડધા વિશ્વ ઉપર વિજયપતાકા લહેરાવી, છતાં અંતકાળે નિરાશામાં જ મર્યો.

ટોલ્સ્ટોયની **એક વાર્તા** છે.

એક માણસે રશિયાના રાજા પાસે જમીનની માગણી કરી. રાજાએ કહ્યું : "તને જોઈએ તેટલી જમીન આપું." આ માણસ ખુશ થઈ ગયો. રાજાએ કહ્યું : "સવારથી તું આ સ્થળેથી દોડવાનું શરૂ કર. સંધ્યાકાળે તારે અહીં પાછા આવી જવાનું. તું જેટલું દોડ્યો હોઈશ તેટલી જમીન તારી."

આનંદિત થઈ તેણે ઊગતે સૂરજ દોડ આદરી. પાણી પીવા કે શ્વાસ લેવાય ઊભો ન રહ્યો. સૂરજ માથે આવ્યો. પાછા વળવાનો આ સમય હતો. તે લોભમાં કલાક વધારે દોડ્યો. પછી પાછા વળવામાં ઝડપ વધારી. નાડીઓ ફૂલી ગઈ. શ્વાસ ભરાઈ આવ્યો પણ દોડ્યે જ રાખ્યું. છેવટે સંધ્યાકાળે તે નિર્ધારિત સ્થળે પહોંચી ગયો અને રાજાના સિંહાસન આગળ અતિ ઉલ્લાસમાં પડતું મૂકતા બોલ્યો : "હું પહોંચી ગયો." પથ-પરિશ્રમને કારણે આ બોલતા બોલતા જ તેના પ્રાણ પણ પરલોક પહોંચી ગયા.

રાજાએ તેના શરીરને ત્યાં જ દફનાવ્યું. કબર બનાવી તેના ઉપર તકતી ચોડાવી તેમાં લખાવ્યું : "આ માણસને આટલી - સાડા ત્રણ હાથની જમીનની જરૂર હતી, પણ તેણે આખો દિવસ ખોટી દોડ જ કરી છે."

'જન્મ્યા, ખાધું-પીધું, મોજ કરી અને મરી ગયા' - સંસારમાર્ગની આ લઘુકથા કેટલી સાચી છે ! જીવનમાં જોઈએ થોડું અને દોડવાનું ઝાઝું !

અઢળક સંપત્તિના સ્વામી ઈઝરાયલના રાજા **સોલોમન**ને પણ જીવન નકારું લાગ્યું હતું. હૉકીની રમતમાં ભારતને પા સદી સુધી ઓલિમ્પિક્સમાં સુવર્ણચંદ્રક જિતાડી આપનાર હૉકીના રમતવીર **કુંવર** દિગ્વિજયસિંહે બાવન વર્ષની વયે માથામાં ગોળી મારી આપઘાત કર્યો. આટલી બધી કીર્તિ મળવા છતાં કેમ આમ થયું ? જીવનની દોડ કેમ નિષ્ફળ નીવડી ? જીવન રાહમાં Dead End (રસ્તો બંધ) આવી ગયો. ઘણા રસ્તે Dead End હોય છે, તે સૂચવે છે કે હવે રસ્તો પૂરો થાય છે. ત્યાંથી પાછા ફરવું જ પડે. જેની પાછા ફરવાની શક્તિ ન હોય તે ત્યાં જ મરે છે. ઘણા ઘણાના જીવનમાં Dead End આવ્યા છે. ન્યૂયોર્કના મેનહટન વિસ્તારમાં એક પચાસ માળની ઈમારત છે. તેની અગાશીમાંથી તેના માલિકે જ પડતું મૂકી જીવનનો અંત આણી દીધો !

લૌકિક ધ્યેયો સિદ્ધ કરવા લોકો જીવનભર ચાલે છે. પછી જ્યારે આગળ રસ્તો બંધ દેખે, ત્યારે ઘોર નિરાશામાં પડી જાય છે. એંશી વર્ષ સુધી આ જ માર્ગને સાચો માની ચાલ્યા હોય ને પછી એકદમ 'રસ્તો બંધ'નું પાટિયું જુએ ત્યારે એની છાતીનું પાટિયું બંધ થઈ જાય છે. 'અવળા હાથનો જીવ, જાવું'તું દ્વારકા ને હાલ્યો દીવ...' એવી ગતિ થઈ. સમજણ

આવી ત્યારે પાછા વળવાની શક્તિ અને સમય બંને વેડફાઈ ગયા હતા.

જીવન સંધ્યાએ **કવિ નર્મદ** વિષાદ કરતા કહે છે : "મેં સમાજ સુધારવા માટે જે કર્યું તેટલું જો મારા આત્માને માટે કર્યું હોત તો સારું થાત."

માઈકલ જેક્સન પાસે અઢળક સંપત્તિ હતી. છતાં તે કહેતો કે 'મને હંમેશાં એકલવાયું લાગે છે.' તેને પોતાના અસ્તિત્વનો ભાર લાગતો હતો.

વિશ્વ વિખ્યાત શિલ્પી અને ચિત્રકાર માઈકલ એન્જેલો છેક નેવું વર્ષની વયે 'Dead End'ની નજીક જ જીવનદોડની નિષ્ફળતાનું દુઃખ વ્યક્ત કરે છે : **'I regret that I have not done enough for the salvation of my soul'** - મેં આત્માના કલ્યાણ માટે કશું કર્યું નહિ.

આના સંદર્ભમાં એક **મૂરખના સરદારની વાત** સમજવા જેવી છે.

એક રાજાના દરબારમાં નવરત્નો સમા વિવિધ વિદ્યા-વિશારદો હતા. પણ રાજા જેનું નામ. તેને એક તુક્કો સુઝ્યો કે દરબારમાં વિદ્વાનો સાથે એક મૂરખ પણ જોઈએ. શોધ કરતા એક મૂરખ મળી ગયો. વાસ્તવમાં તો આ મહાજ્ઞાની હતો. ભગવાનને માર્ગે ચાલનારને લોકો તો મૂરખ જ સમજે છે ને ! રાજાએ આના ગળામાં **'મૂરખનો સરદાર'** એવું એક પાટિયું પહેરાવી દીધું અને કહ્યું : "તારે આ પાટિયું ગળે લટકાવી રાખવું."

મૂરખે પૂછ્યું : "ક્યાં સુધી મારે આ લટકાવી રાખવાનું ?"

રાજાએ કહ્યું : "તારાથી કોઈ મોટો મૂરખ મળે તો તેના ગળામાં પહેરાવીને તું છૂટો."

એકવાર રાજાને અસાધ્ય માંદગી આવી. તેઓ થોડા દિવસના જ મહેમાન હતા. બધા સરદારો તેમને મળવા ગયા. આ 'મૂરખનો સરદાર' પણ ભેળો ગયો. તેણે રાજાને પૂછ્યું : "રાજાજી ! આપને શું થયું છે ?"

રાજા કહે : "હવે તો મારે જવાનું થયું છે !"

"ક્યાં જવાનું થયું છે ?"

"મોટી મુસાફરીએ."

"એમ ? તો તો તમારી સાથે રાણીસાહેબને, કુંવરને, પ્રધાનોને અને અમને લઈ જવાના ને ?"

"અરે મૂરખ ! એટલુંય સમજતો નથી કે આ મુસાફરીમાં તો મારે એકલાએ જ જવાનું છે. કોઈ સાથે ન આવે."

"તો તો આપે માણસો મોકલી રસ્તે બધી તૈયારીઓ કરાવી દીધી હશે ને ?"

આ સાંભળી રાજા વિચારમાં પડી ગયો. તેમણે ના કહી. એટલામાં તો મૂરખે પોતાના ગળાનું પાટિયું રાજાના ગળામાં ભરાવી દીધું.

રાજા અને સરદારો બોલી ઊઠ્યા : "અરે ! આ તે શું કર્યું ?"

મૂરખે શાંતિથી જવાબ આપ્યો : "કોઈ સામાન્ય મૂરખ જેવો માણસ પણ ગામતરે જાય તો કંઈક તો પૂર્વ તૈયારી કરે જ. જ્યારે આપ મોટી મુસાફરીએ જાવ છો અને કાંઈ જ તૈયારી કરી નથી. માટે આપનાથી વળી ક્યો બીજો મૂરખનો સરદાર." આટલું કહી તે તો ચાલતો થયો.

રાજા પોતે સાચે મૂરખનો સરદાર બનીને આ 'મૂરખના સરદાર'ને જતો જોઈ રહ્યો !

જગતમાં ઘણા બધા માનવીના ગળામાં આવા અદૃશ્ય પાટિયાં લટકતા હોય છે. મનુષ્ય પોતાના ગળામાંનું આ પાટિયું અંતરની આંખે જો વાંચીને વિચારે તો તેને જરૂર પ્રતીતિ થાય કે આત્માના કલ્યાણની મુસાફરી માટે ભગવાનના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. જીવનભર આ લોકનું ભેગું કરવામાં પરલોકનું પાથેય રહી જાય છે.

પ્રાપ્તિ તો તેનું નામ કે જે પામ્યા પછી બીજું કશું પામવાનું રહે જ નહિ. સાંસારિક પ્રાપ્તિઓમાં માણસ હંમેશાં અધૂરપ જ અનુભવે છે. તૃપ્તિનો ઓડકાર તેને કોઈ દિવસ આવતો જ નથી. **'જાગ્યા ત્યાંથી સવાર'** આ સાચું, પણ જીવનસંધ્યાને ઉષામાં પલટાવનાર કોઈક મળે તો જ.

તુલસીદાસ, વાલ્મીકિ, સૂરદાસ, જોબન વડતાલો, મૂળજી લુવાણો, વાલેરો વરૂ, મેંગણીના માનભા, મુંજો સુરુ આદિ ઘણા કુમાર્ગે ચાલીને ભગવાન અને મહાપુરુષોના પ્રતાપે પાછા વળ્યા છે. ભગવાન અને સત્પુરુષો જો છેલ્લી ઘડીએ પણ મળી જાય તોય મોડું થતું નથી.

સાચો માર્ગ હાથમાં ન આવે તો જીવન બરબાદ. પરમાત્માને માર્ગે ચાલે તે જ સાચો માર્ગી.

દેવયાન અને પિતૃયાનની વાતો શાસ્ત્રોમાં છે. દેવયાન ઊર્ધ્વગતિનો **શ્રેયસ પંથ** છે. પિતૃયાન પુનરાવૃત્તિ છે.

ભગવદ્ ગીતામાં કહ્યું છે : 'मनुष्याणां सहस्त्रेषु कश्चिद् यतति सिद्धये ।' (૭/૩) - "

આ માર્ગે કોઈ વિરલા પુરુષ જ ચાલે છે. મનુષ્યને કોઈક વાર થાય કે આ પ્રેયસ માર્ગ કરતા **શ્રેયસ માર્ગ** સારો છે, છતાં ચીલાચાલુ પ્રેયસ માર્ગ તેને એટલો બધો ફાવી ગયો હોય છે કે તેમાં દુઃખ પડે, હેરાનગતિ થાય, છતાં તે માર્ગ છોડે નહિ. દુર્યોધનની જેમ ધર્મ શું અને અધર્મ શું તે જાણે છતાં તે ધર્મને માર્ગે ચાલે નહિ. શ્રેયસ પંથ એ નાસીપાસ થયેલાનો, કંટાળેલાનો કે હતાશ પામેલા મનુષ્યોનો માર્ગ નથી. આ

પલાયનવાદ નથી. કાર્લ માર્ક્સના વિચારોની પુષ્ટિમાં **લેનિન** કહે છે કે, 'સંસારથી કંટાયેલાઓ કંઈક શાંતિ માટે અફીણની જેમ ધર્મનો આશરો લે છે. જેથી તેના ઘેનમાં જગત ઘડીક ભુલાઈ જાય.' પરંતુ આ માર્ગ એવી રીતનો નથી. શહેરમાં રસ્તાઓના ક્રોસિંગમાં પડતી મુશ્કેલીઓ ઉપરથી કલ્પના થાય કે અનેક માર્ગોને ઓળંગીને મૂળ રસ્તો પકડવો એ કેટલું કઠણ કામ છે. આ તો 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને...' આ માર્ગ તો આત્માના ઊર્ધ્વીકરણના અમર સોપાનરૂપ છે.

કઠોપનિષદ એટલે જ કહે છે : 'क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् कवयो वदन्ति ।' (૧/૩/૧૪) - અસ્રાની તીક્ષ્ણ ધાર ઉપર ચાલવું જેટલું કઠિન છે, તેવું આ માર્ગે ચાલવું કઠણ છે, તેમ અનુભવીઓ કહે છે.

આ માર્ગે તો લોકલાજ, સ્વજનો, જગતની આસક્તિ બધું મૂકવું પડે. પૂર્વે ભરત રાજાએ પૃથ્વીનું સમગ્ર રાજ્ય છોડી દીધું. ગોપીઓએ સ્વજનો છોડ્યાં. મીરાંએ ચિતોડ છોડ્યું. વિભીષણે ભાઈ છોડ્યો. ભરતે માતા છોડી. ઘણાએ ઘણું છોડ્યું. છતાં પ્રાપ્તિ સામું જોતા આ ત્યાગ ઘણો થોડો કહેવાય. થોડું છોડી વધુ પામવાનો આ માર્ગ છે. કંઈક પામવા કંઈક મૂકવું જ પડે છે. ઘણા વૈજ્ઞાનિકો કંઈક સંશોધન કરવા જગતને ભૂલી જાય છે. અરે ! પરણવાનુંય ભૂલી જાય છે ! ભારતરત્ન વાચસ્પતિ મિશ્ર તો ગ્રંથનિર્માણમાં એવા ડૂબી ગયા હતા કે, વીસ વરસથી પરણીને સાથે રહેતી પોતાની પરણેતરને જ ભૂલી ગયેલા ! ચંદ્રના આરોહકોને ઈન્ટરવ્યૂમાં એક **વિશિષ્ટ પ્રશ્ન** પૂછવામાં આવ્યો હતો કે, 'તમે તમારા ઉતારેથી અહીં આવતા રસ્તે શો સંકલ્પ કરતા હતા ?' એકે જવાબ આપ્યો કે, 'ચંદ્ર ઉપર જવાના જ વિચાર કરતો હતો.' પરીક્ષકોને લાગ્યું કે, 'આ આરોહક જરૂર ચંદ્ર ઉપર પહોંચશે.'

જે માર્ગે જવું હોય તેના જ **અખંડ વિચારો** જોઈએ. એટલે જ સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે : "આપણે તો એક અક્ષરધામમાં જવું છે તેવો એક વિચાર રાખવો." વિચાર પ્રમાણે હંમેશાં વૃત્તિ થાય છે. રોજ વિચાર કરવો કે આજે ભગવાનના માર્ગે કેટલું ચલાયું ?

ઘણા લોકો વર્ષોથી ભગવાનને માર્ગે ચાલતા હોય છે, છતાં કશું પામતા નથી. 'પાની મેં મીન પિયાસી' જેવુંયે બને છે.

બે ભૈયા ભાંગ પીને સમી સાંજે હોડી હંકારવા બેઠા. સવાર સુધી હોડી હંકારી. ભાંગનું ઘેન ઊતર્યું અને જોયું તો જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાંના ત્યાં જ હતા ! તપાસ કરતા માલૂમ પડ્યું કે હોડીનું દોરડું જ છોડ્યું નહોતું ! દેહાભિમાનરૂપી દોરડું છોડ્યું ન હોય ને ઘણા વર્ષો સુધી સત્સંગ કરે તોયે ભગવાનનો માર્ગ કપાતો નથી. આ માર્ગે દેહાભિમાન અને સ્વભાવ છોડી સતત સંત સમાગમમાં રહેવું પડે.

## ભગવાનની કરુણાથી સત્સંગની પ્રાપ્તિ :

શ્રીજીમહારાજ સારંગપુર પ્રકરણના ૯મા **વચનામૃત**માં કહે છે : "અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ **બ્રહ્મરૂપ** થઈ જાય."

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૫૪મા અને ગઢડા અંત્ય પ્રકરણના બીજા **વચનામૃત**માં કહે છે : "એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે જે, અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાનાદિક એણે કરીને હું તેવો **વશ** થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થઉં છું."

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૧૧૫મા શ્લોકમાં સત્સંગ પર **ખૂબ ભાર** મૂકતાં કહ્યું છે : 'गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् । कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥' - "અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમ ભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે."

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી કૃત **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : "મોક્ષના જેટલા સિદ્ધાંત છે કે જેટલા ગ્રંથમાં મોક્ષ માટે લખેલું છે તે સઘળું સત્સંગ કરવામાં સમાઈ જાય છે. સત્સંગ ન હોય તો બ્રહ્મા જેવા પણ કંગાળ છે. એ વાત જ્યારે પૂર્ણ સમજાય ત્યારે **પાકો ભક્ત** ગણાય."

ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૦મા **વચનામૃત**માં કહે છે : "આ સત્સંગનો પ્રતાપ એવો છે જે, જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃત્તિ થઈ જાય છે, અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરૂપનું ચિંતવન થાય છે. અને સત્સંગ વિના તો બીજા કોટિ સાધન કરે તોપણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહીં.... જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે વિચારે તો મલિન ઘાટનો નાશ થાય છે, માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે; અને બીજા સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ, કાંજે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે, તે કારણપણા માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા

હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે સત્સંગ કરવો તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જશે.''

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી **'ઉપદેશામૃત'**ની ૮૦મી **વાત**માં કહે છે : ''સત્સંગ વિના તો કામાદિક વૃદ્ધિ પામતા જાય છે. માટે સત્સંગ કરવો એજ જીવનનું સાર્થકપણું છે.'' અને ૩૩૪મી વાતમાં કહે છે : ''ભીમનાથમાં રાંકા (ભિખારીઓ) થૂલું માગતા એવી સત્સંગની ગરજ હોય તો સત્સંગમાંથી પડાય નહિ.'' સત્સંગે કરીને બધું ખોટું થઈ જાય છે. પૂર્વજન્મનાં પુણ્યો ઉદય થાય છે, ત્યારે જ સત્સંગ પ્રત્યે પ્રીતિ જાગે છે. અને જીવને બળ પામવાનો હેતુ તો સત્સંગ જ છે.

પરમાત્માને પ્રસન્ન કરવાના અનેક સાધનો શાસ્ત્રમાં બતાવેલા છે, તેમાં 'સત્સંગ' સર્વ સાધનના ફળરૂપ હોઈ - શિરમોર છે. પ્રકટ પરમાત્માની પ્રાપ્તિનું પ્રથમ સોપાન સત્સંગ છે. સત્સંગથી પરમાત્મા જેવા પ્રસન્ન થઈ વશ થાય છે તેવા બીજા કોઈ સાધનોથી પ્રસન્ન થઈ વશ થતા નથી.

> પરમાત્માને પ્રસન્ન કરવાના અનેક સાધનો શાસ્ત્રમાં બતાવેલા છે, તેમાં 'સત્સંગ' સર્વ સાધનના ફળરૂપ હોઈ - શિરમોર છે. પ્રકટ પરમાત્માની પ્રાપ્તિનું પ્રથમ સોપાન સત્સંગ છે. સત્સંગથી પરમાત્મા જેવા પ્રસન્ન થઈ વશ થાય છે તેવા બીજા કોઈ સાધનોથી પ્રસન્ન થઈ વશ થતા નથી.

આધ્યાત્મિક માર્ગની સાધનામાં સત્સંગનું મહત્ત્વ અનેરું છે. ગોસ્વામી **તુલસીદાસજી** પણ કહે છે : 'સતસંગત મુદ મંગલમૂલા, સોઈ ફલસિધિ સબ સાધન ફૂલા.' - સત્સંગ જ સર્વ મંગળ મૂળ છે અને સર્વ સાધનનું ફળ છે. (શ્રી રામચરિત્ર માનસ : ૧/૨/૪)

આવો મહામૂલો સત્સંગ ભગવાનની કરુણાથી જ મળે છે, તે સમજાવતાં ગોસ્વામી તુલસીદાસજી કહે છે : 'બિનુ સત્સંગ બિબેક ન હોઈ, રામકૃપા બિનુ સુલભ ન સોઈ...' - વિવેકપ્રદાતા સત્સંગ ભગવાનની કરુણા (કૃપા) વિના સુલભ થતો નથી. (શ્રી રામચરિત્ર માનસ : ૧/૨/૪)

વળી, ગોસ્વામી **તુલસીદાસજી** શિવ-પાર્વતીના સંવાદ દ્વારા આ વાત સમજાવતાં લખે છે : 'ગિરિજા સંત સમાગમ સમ, ન લાભ કછુ આન; બિનુ હરિકૃપા ન હોઈ સો, ગાવહિં બેદ પુરાન.' - હે ગિરિજા ! સંત-સમાગમ જેવો બીજો કોઈ લાભ નથી અને તે સત્સંગ હરિકૃપા વિના મળતો નથી. (શ્રી રામચરિત્ર માનસ : ૭/૧૨૫)

કાકભુશુંડિ પણ ગરુડજીને કહે છે : 'આજુ ધન્ય મૈં ધન્ય અતિ, જદ્યપિ સબ બિધિ હીન; નિજ જન જાનિ રામ મોહિ, સંત સમાગમ દીન.' અર્થાત્ ભલે હું સર્વ રીતે તુચ્છ છું છતા આજે અતિ ધન્ય બન્યો છું, કારણ કે ભગવાને મને પોતાનો જાણી સંત-સમગામ રૂપી સત્સંગ આપ્યો છે. (શ્રી રામચરિત્ર માનસ : ૭/૧૨૩)

'વિનયપત્રિકા'(૧૩૬/૧૦)માં પણ આ જ સૂર વહાવતા ગોસ્વામી તુલસીદાસજી ગાય છે : 'રઘુપતિ ભગતિ સુલભ સુખકારી, સો ત્રયતાપ-સોક-ભયહારી; બિનુ સતસંગ ભગતિ નહિં હોઈ, તે તબ મિલૈં દ્રવે જબ સોઈ.

જબ દ્રવે દીનદયાલુ રાઘવ, સાધુ સંગતિ પાઈયે;
જેહિ દરસ-પરસ-સમાગમાદિક, પાપરાસિ નસાઈયે.'

જ્યારે ભગવાનની કરુણા થાય ત્યારે જ પાપપુંજ પ્રજાળનાર સત્સંગ રૂપી સંત સમાગમ મળે છે. વિભીષણ પણ હનુમાનજીને આ વાત સમજાવતા કહે છે : 'અબ મોહિ ભા ભરોસ હનુમંતા, બિનુ હરિકૃપા મિલે હિ નાહિં સંતા.' (શ્રી રામચરિત્ર માનસ : ૫/૬/૨)

કાકભુશુંડિ પણ કહે છે : 'રામકૃપા તવ દરસન ભયઊ, તવ પ્રસાદ સબ સંસય ગયઊ; સંત બિસુદ્ધ મિલહિં પરિ તેહી, ચિતવહિં રામકૃપા કરિ જેહી.' - જ્યારે ભગવાન કૃપા કરે ત્યારે શુદ્ધ સંતની પ્રાપ્તિ થાય છે અને તે સંતની કરુણાથી સંશય નષ્ટ થઈ જાય છે. (શ્રી રામચરિત્ર માનસ : ૭/૬૮/૪)

એક સંસ્કૃત સુભાષિતમાં પણ સાચું જ કહ્યું છે કે : 'यावन्नानुग्रहः साक्षाज्जायते परमेश्वरात् । तावन्न सद्गुरुं कश्चित् सच्छास्त्रमपि वा लभेत् ।।' - જ્યાં સુધી ભગવાનની કૃપા (કરુણા) નથી થતી ત્યાં સુધી કોઈને પણ સદ્ગુરુ કે સત્શાસ્ત્રરૂપી સત્સંગની પ્રાપ્તિ થતી નથી.

## ભગવાનની કરુણાથી જ કષ્ટ પ્રાપ્તિ :

આપણે બધાએ એક દૃશ્ય અવશ્ય નિહાળ્યું હશે જ કે, અગ્નિમાં કે પ્રજ્વલિત રોશનીમાં પતંગિયાઓ, જંતુઓ આસક્ત થઈને પડે છે અને ભસ્મ થઈ જાય છે. જંતુઓની આવી અવદશા જોઈને કોઈ વ્યક્તિ અગ્નિ કે રોશનીને હટાવી દે કે બુઝાવી દે તો તેમ કરવામાં એ વ્યક્તિની જંતુઓ પર મહાન કરુણા સમાયેલી કહી શકાય. ભલે પતંગિયાં કે જંતુઓને આ પસંદ નથી, પરંતુ એ તેઓનું અજ્ઞાન છે. તે જ રીતે ક્યારેક પરમાત્મા પોતાના ભક્તને કષ્ટ થાય તેવું કરે છે, પરંતુ તેમાં પણ તેઓની અકારણ કરુણા જ રહેલી હોય છે. કષ્ટપ્રાપ્તિ પણ ભગવાનની કરુણાનો જ અવતાર છે.

ભગવાને કરેલા અવળામાં પણ આપણું સવળું હોય છે. ભગવાનની કરુણાની આ કષ્ટપ્રાપ્તિને જેમણે જેમણે પિછાણી છે તેઓએ સામેથી કષ્ટની માંગણી કરી છે. માતા કુંતાજી માંગે છે : 'विपदः सन्तु नः शश्वत्तत्र जगद्गुरो !। भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ।।' - હે જગદ્ગુરુ ! અમને પગલે-

પગલે વિપત્તિઓ આપો; જેથી અમને ફરીવાર સંસારમાં ન લાવે એવા આપનાં દુર્લભ દર્શન સદા મળતાં રહે.

(શ્રીમદ્ ભાગવત : ૧/૮/૨૫)

શ્રીમદ્ ભાગવત ગ્રંથમાં કુબેરપુત્રો **નલકૂબર** અને **મણિગ્રીવનો પ્રસંગ** આવે છે. યૌવન, ધનસંપત્તિ, અધિકાર અને અવિવેકતાથી યુક્ત આ યુવાનો અપ્સરાઓ સાથે નિર્વસ્ત્ર સ્નાન કરી રહ્યા હતા ત્યારે ત્યાં નારદજી આવ્યા. નારદજીના આગમન સાથે જ અપ્સરાઓએ તો ઝડપથી વસ્ત્રો પહેરી લીધાં, પણ એ બે કુબેરકુમારો જેવા હતા એવા જ સ્તબ્ધ થઈને ઊભા રહ્યા. તેથી નારદજીએ **શાપ** આપ્યો કે, 'તમે જડની જેમ ઊભા રહ્યા છો તો જાઓ, વૃક્ષ બની જાઓ.' સંતનો શાપ આ સમયે ભીષણ લાગે, પરંતુ શ્રીમદ્ ભાગવત કહે છે : 'असतः श्रीमदान्धस्य दारिद्र्यं परमञ्जनम् ।' - ધનથી મદાંધ થયેલા માટે દરિદ્રતા પરમ અંજનરૂપ છે. (શ્રીમદ્ ભાગવત: ૧૦/૧૦/૧૩)

નારદજીએ મદાંધ થયેલા આ બે કુમારોને શાપ આપીને જાણે નેત્રદાન - દૃષ્ટિદાન કર્યું. તેને કારણે જ સો વર્ષ બાદ તે બંનેને ભગવાન શ્રીકૃષ્ણનો યોગ થયો અને મુક્તિને પામ્યા. આમ, કષ્ટ પણ કરુણા જ બની રહી!

સ્વયં નારદજીને પણ આ અનુભવ ભગવાને કરાવ્યો હતો ને ! નારદજીએ ઈચ્છેલું કે રાજકુમારી સાથે તેઓના વિવાહ થાય, પણ ભગવાને તેઓનું મુખ વાનરનું બનાવી દીધું. તે વખતે નારદજીને ઘણું જ દુઃખ થયું હતું. ભગવાનને પણ તેઓએ સંભળાવી દીધું કે, "તમે સ્વેચ્છાચારી છો. બીજાનું સુખ-સૌભાગ્ય તમારાથી દેખાતું નથી, ખમાતું નથી. તમે કેવળ પોતાનું જ ભલું ઈચ્છો છો."

પરંતુ ભગવાને નારદજીને જણાવ્યું કે, 'અવગુન મૂલ સૂલપ્રદ, પ્રમદા સબ દુઃખ ખાનિ; તાતે કીન્હ નિવારન મુનિ, મૈં યહ જિયઁ જાનિ.' - હે નારદ ! સ્ત્રી દરેક અવગુણનું મૂળ, સર્વ દુઃખોની ખાણ અને શૂળપ્રદ (દુઃખદાયક) છે. આવું મનમાં વિચારીને જ મેં તમારા વિવાહ નથી થવા દીધા. ભગવાનની આવી વિલક્ષણ કરુણાની વાત સાંભળી નારદજી રોમાંચિત થઈ ગયા. તેઓની આંખો પ્રેમ અને આનંદથી છલકાઈ ઊઠી : 'મુનિ તન પુલક, નયન ભરિ આએ...'

(શ્રીરામ ચરિત્ર માનસ : ૩/૪૪)

આમ, ભગવાન દ્વારા થતી કષ્ટપ્રાપ્તિમાં પણ તેઓની કરુણાનો જ **ઉદ્‌ઘોષ** સાંભળવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણે ઈન્દ્રની માનહાનિ કરી ત્યારે આ જ કહ્યું હતું કે, 'मया तेऽकारि मघवन् मखभङ्गोऽनुगृह्णता । मदनुस्मृतये नित्यं मत्तस्येन्द्रश्रिया भृशम् ।। मामैश्वर्यश्रीमदान्धो दण्डपाणिं न पश्यति । तं भ्रंशयामि सम्पद्भ्यो यस्य चेच्छाम्यनुग्रहम् ।।' - 'હે ઈન્દ્ર ! તું મદોન્મત્ત થઈ રહેલો, તેથી તારા પર કરુણા કરીને મેં તારો યજ્ઞભંગ કર્યો છે. હું જેના પર કૃપા કરવા ઈચ્છું છું તેને ઐશ્વર્યભ્રષ્ટ કરી દઉં છું; જેથી તે મારું સ્મરણ કરી શકે.'

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૨૭/૧૫-૧૬)

મહર્ષિ **અરવિંદ** કહે છે : "providence is not only that which saves me, when all others are drowned; but it is also that which takes away my east plank and drowns me when all others are saved." અર્થાત્ ભગવાનની કરુણાનો માત્ર એ જ પુરાવો નથી કે જ્યારે બધા તણાઈ જાય ત્યારે હું બચી જાઉં; પરંતુ જ્યારે બધા બચી જાય અને મારો તરાપો એ ખેંચી જાય ને હું તણાઈ જાઉં એમાં પણ ભગવાનની કરુણા જ રહેલી છે.

આ વાત કેવી રીતે સત્ય છે તેનો યથાર્થ પુરાવો અમેરિકાનાં દક્ષિણી રાજ્યોના સંઘના એક **અજ્ઞાત સૈનિકની આપવીતી**માં સાંભળી શકાય છે. તેણે કહ્યું છે કે,

'મેં ભગવાન પાસે શક્તિ માંગી કે જેથી હું સિદ્ધિ મેળવી શકું; પણ મને નિર્બળ બનાવવામાં આવ્યો, જેથી હું આજ્ઞા પાળવાનું શીખી શકું.

મેં તંદુરસ્તી માંગી કે જેથી હું મોટાં કામ કરી શકું; પણ મને અપંગ અવસ્થા આપવામાં આવી, જેથી હું સારાં કામ કરી શકું.

મેં સમૃદ્ધિ માંગી કે જેથી હું સમજુ બની શકું; પણ મને દરિદ્રતા આપવામાં આવી, જેથી હું સમજુ બની શકું.

મેં સત્તા માંગી કે જેથી લોકો મારી પ્રશંસા કરે; પણ મને નિર્બળતા આપવામાં આવી, જેથી હું ભગવાનની જરૂરત અનુભવી શકું.

મેં વસ્તુઓ માંગી કે જેથી હું જીવનને માણી શકું; પણ મને જીવન આપવામાં આવ્યું, જેથી હું બધી વસ્તુઓ માણી શકું.

મેં માંગેલું કશુંય મળ્યું નહીં - પણ જેની આશા રાખેલી તે બધુંય મળ્યું.

મારી લગભગ ના છતાં, મારી વણકથી પ્રાર્થનાઓ ફળી,

મને તમામ મનુષ્યોમાં સૌથી સમૃદ્ધ **ઈશ્વરકૃપા** મળી.'

એક સુભાષિતમાં સાચું જ કહ્યું છે : 'हरिर्दुःखानि भक्तेभ्यो हितबुद्ध्या करोति हि । शस्त्रक्षाराग्निकर्माणि स्वपुत्रस्य पिता यथा ।।' - જેમ પિતા પોતાના પુત્રને રોગથી બચાવવા શસ્ત્ર, ક્ષાર અને અગ્નિથી તેની ચિકિત્સા કરે છે, તે જ રીતે ભગવાન પણ હિત કરવાના આશયથી જ ભક્તોને દુઃખ આપે છે.

ગોસ્વામી **તુલસીદાસજી** પણ કહે છે :

'સંસૃતિ મૂલ સૂલપ્રદ નાના, સકલ સોકદાયક અભિમાના;
તાતેં કરહિં કૃપાનિધિ દૂરિ, સેવક પર મમતા અતિ ભૂરિ.
જિમિ સિસુ તન બ્રન હોઈ ગોસાઈ, માતુ ચિરાવ કઠિન કી નાઈ;
જદપિ પ્રથમ દુઃખ પાવઈ રોવઈ બાલ અધિર,

વ્યાધિ નાસ હિત જનની ગનતિ ન સો સિસુ પીર.'

પુત્રની **ચિકિત્સા** વખતે તરફડે છતાં માતા તે પીડાને ગણકારતી નથી. ભગવાનની પણ આ જ રીત છે. ભલે પ્રથમ દુઃખ દે પણ અંતે જીવને સુખિયો કરી મૂકે છે.

(શ્રીરામ ચરિત્ર માનસ : ૭/૭૩)

અસ્ત્રાની ધાર તેને મખમલ પર ઘસવાથી નથી નીકળતી. તે માટે તેને બરછટ સપાટી પર ઘસવો પડે છે.તેમ ભગવાન પણ આપણને તેજસ્વી બનાવવા કસોટીની એરણે ચડાવે છે, પરંતુ તેઓની કસોટી પણ કરુણારૂપ જ હોય છે. આપણી ફરજ એટલી જ બની રહે છે કે કસોટીકાળે છટકી ન જઈએ, કારણ કે સ.ગુ. શ્રી **આધારાનંદ સ્વામી** 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં લખે છે :

"જેના ઉપર ભગવાનની ઘણી **મોટી કૃપા** થાય તેને જ સત્સંગનિમિત્તે દુઃખ આવે છે. બધી રીતે સુગમતા હોય ત્યારે તો અપાર લોકો ગામો ગામ સારો સત્સંગ રાખતા હોય છે. પરંતુ દુઃખ પડે છતાં પણ જેનો સત્સંગ રહે છે તેનો સત્સંગ પરિપક્વ છે. દુઃખ આવ્યા વિના જે સત્સંગી થયા હોય તેઓ તેટલા પાકા કહેવાતા નથી."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૫૮)

ભગવાન **શ્રીહરિ** કહે છે : "પૂર્વે જેટલા હરિભક્ત થયા છે, તે બધાને કષ્ટ તો આવ્યું જ હતું. હરિભક્ત કાચો છે કે પાકો ? તે તો કષ્ટ આવે ત્યારે દેખાય છે. કષ્ટના વખતે ધીરજ રાખે છે, તેઓ યુગોના યુગ સુધી પ્રસિદ્ધિ પામ્યા છે. જેનાં ઘણા મોટાં ભાગ્ય હોય તેને સત્સંગ રાખવામાં કષ્ટ આવે છે. સત્સંગને લીધે જે કષ્ટ સહન કરે છે તેના જેવો બીજો કોઈ બડભાગી નથી. તે તો ભવ, બ્રહ્મા કરતાં પણ અધિક છે. સત્સંગને નિમિત્તે જેટલું કષ્ટ સહન કરાશે તેટલું તેને વધારે સુખ મળશે. અમે અમારાં દિલમાં એવું ચોક્કસ જાણીએ છીએ કે, કષ્ટ સહન કર્યા વિના અધિક સુખ મળતું નથી. પ્રહ્લાદ, ધ્રુવ અને અંબરીષ જેવા ત્રિલોકીનાં મોટા મોટા રાજાઓ પૂર્વે થઈ ગયા છે. જ્યારે તેમને સત્સંગ થયો ત્યારે તેમને અત્યંત કષ્ટ ભોગવવું પડ્યું હતું. સીતાજીને તો એટલું બધું કષ્ટ વેઠવું પડ્યું હતું કે, તેનો કોઈ પાર ન લઈ શકે. જેના પતિ સ્વયં ભગવાન હતા, છતાં તેમનું એક રતીભાર પણ દુઃખ દૂર કર્યું ન હતું. નંદજી અને યશોદાજી વગેરે ગોવાળો અને ગોપીઓ કહેવાય છે, તેમજ વસુદેવજી અને દેવકીજી, જે શ્રીકૃષ્ણ ભગવાનના પિતાજી અને માતાજી હતા. તેમને એવું અમાપ દુઃખ આવ્યું હતું કે, જે પૂર્વે ક્યારેય ન સાંભળ્યું હોય. પાંડવો ભગવાનના ભક્ત હતા તેમને પણ જે દુઃખ આવ્યું તે કહી શકાતું નથી. તેમના સિવાયના બીજા જે ભક્તો થયા છે તે બધાંને પણ કષ્ટ સહન કરવાં પડ્યાં છે, તે આજે કાંઈ નવીન વાત નથી."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૩૬)

"સત્સંગ રાખતાં કદાચ કોઈ કષ્ટ આવી પડે, તો તેમાં પણ પોતાનું ધન્યભાગ્ય માનવું. જેનું સદ્‌ભાગ્ય હોય તેને સત્સંગને નિમિત્તે વારંવાર કષ્ટ આવે. સત્સંગ માટે જેટલું કષ્ટ સહન કર્યું હોય, તેનાથી કરોડગણું વધારે અલૌકિક સુખ ભગવાન તે ભક્તને આપે છે. તેમાં લગારે પણ ખોટું નથી."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૪/૬૩)

"જીવના મોક્ષને માટે જેટલું દુઃખ સહન કર્યું હોય તેટલી તેના ઉપર ભગવાનની **અપાર કૃપા** થાય છે. અને તે કૃપા દુઃખ સહન કરવાથી થાય છે. પ્રહ્લાદજીએ પોતાના આત્માના મોક્ષ માટે જુઓ તો ખરા, કેટલું દુઃખ સહન કર્યું હતું. ભગવાન પોતાના ભક્તના દુઃખને જોઈને સ્તંભમાંથી પ્રગટ થયા હતા. ભક્તજનનાં દુઃખને દૂર કરવાને માટે તો ભગવાને વારંવાર અગણિત અવતારો ધાર્યા છે. ભક્તનાં સુખ દેખીને ભગવાને એક પણ અવતાર ધર્યો નથી. તમે વિચાર કરીને જુઓ તો ખરા, ભગવાન સુખને દેખીને તો તેનાથી દૂર રહે છે. ભક્તને દુઃખમાં તે વખતે ભગવાન સિવાય કોઈ સહાય કરતા નથી. પરમ નિપુણ ભગવાન સમીપે જ રહ્યા હોય છે, છતાં તેઓ દુઃખ પડ્યા સિવાય દેખાતા નથી.

પાંડવો વનમાં રહેતા હતા અને ત્યાં દુર્વાસા આવ્યા. તેના સત્કાર બાબતમાં મનમાં ઘણું દુઃખ થયું ત્યારે (દ્રૌપદીએ) ભગવાનને સંભાર્યા. ત્યારે ભગવાન ઘણા દૂર હતા અને અપરંપાર દુઃખ આવ્યું. તેમને ભગવાન સિવાય કોઈ ઉપાય ન રહ્યો ત્યારે મદદ કરવાને માટે ભગવાન તરત તેમની પાસે આવ્યા અને પાંડવોનાં દુઃખનો નાશ કર્યો. વળી ગજેન્દ્રને ઝૂડે (મગરે) જ્યારે પકડ્યો અને તેને કોઈએ સહાયતા ન કરી ત્યારે તે ભગવાનને શરણે ગયો. તેણે ભગવાન સિવાય બીજા શરણને છોડી દીધું, સહાય કરનારા એક ભગવાનને જ માન્યા અને ભગવાન સિવાયની બધી સહાયતાને મિથ્યા માની. ત્યારે દયાળુ ભગવાન શ્રીહરિએ તત્કાળ હાથમાં ચક્ર લઈ દર્શન દીધાં અને ઝૂડને કાપી નાખીને ગજેન્દ્રને છોડાવ્યો. કારણ કે તે ભગવાનને શરણે થયો હતો.

૩૨. આશરાવાળાને પ્રભુ સહાય કરે છે : ભગવાનની એક એવી રીત છે કે મનુષ્ય ભગવાન સિવાય બીજા કોઈ એકને પણ અવલંબીને જ્યાં સુધી રહ્યા હોય છે ત્યાં સુધી ભગવાન તેની સહાયતા કરતા નથી. શ્રીહરિ સિવાય જેટલું આલંબન (આધાર) હોય છે તેને મનુષ્ય જ્યારે છોડી દે છે અને એક શ્રીહરિનું જ આલંબન રાખે છે ત્યારે ભગવાન તેને એક પળવાર પણ છોડતા નથી."


(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૮/૪૩)

**ક્રમશઃ**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી
તથા સાધુ ધર્મવલ્લભદાસજી




મોટા વરાછા-સુરતને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા
પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ દિવ્ય સત્સંગ શિબિર





બાઢડા (તા. સાવરકુંડલા) ગામને આંગણે દર્શન-અમૃતવાણીનો લાભ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી.











પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર-મોટા વરાછા આયોજીત પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે સંતો-હરિભક્તોના સથવારે યોજાયેલ સુરતથી વડતાલ પદયાત્રા





નેસડી (તા. સાવરકુંડલા) ગામને આંગણે નવનિર્માણ હરિમંદિરનું નિરક્ષણ કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી.





ધાર (તા. સાવરકુંડલા) ગામને આંગણે દર્શન-અમૃતવાણીનો લાભ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી.





કેરાળા (તા. સાવરકુંડલા) ગામને આંગણે દર્શન-અમૃતવાણીનો લાભ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી.





ક્રાંકચ (તા. લીલીયા) ગામને આંગણે ધારાસભ્ય માન. શ્રી પ્રતાપભાઈ દુધાતના નિવાસસ્થાને પધરામણી કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## તુલસી વિવાહ
## વેળાવદર






વેળાવદર (તા. ગારીયાધાર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
શ્રી મગનભાઈ પરસોતમભાઈ ભંડેરી (ભંડેરી ઈમ્પેક્ષ)ના યજમાનપદે યોજાયેલ તુલસીવિવાહ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## તુલસી વિવાહ
## શાંતિનગર






શાંતિનગર (તા. મહુવા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
શ્રી નંદલાલભાઈ કાળાભાઈ પાંડવના યજમાનપદે યોજાયેલ તુલસીવિવાહ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




શ્રીરઘુવીરવાડી-વડતાલ ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી - ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ




છાણી (વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.




મેઘવા (આણંદ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા
સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં તથા પૂ. સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયેલ જનમંગલ મહોત્સવ




લુણકી (તા. બાબરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ
દિવ્ય શાકોત્સવ પ્રસંગે સત્સંગ કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી




હાલોલ (પંચમહાલ)ને આંગણે આગામી મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા




નાનામુંજીયાસર (તા. બગસરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ
દિવ્ય શાકોત્સવ પ્રસંગે સત્સંગ કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી




મીરારોડ (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.




ગઢડાને આંગણે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપ શ્રી ગોપીનાથજી મહારાજના સાન્નિધ્યમાં દરબારગઢમાં પીપળનિવાસી શ્રી ચિરાગ તથા તુષાર ભીમજીભાઈ કળથીયાના યજમાનપદે યોજાયેલ શ્રીમદ્ ભાગવત કથામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી




મહુવાને આંગણે પ.ભ. અશોકભાઈ ભાલાળા નિર્મિત આશીર્વાદ કોલ્ડ સ્ટોરેજનું ઉદ્ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીની આગામી કથાપારાયણો

| કથા તારીખ | કથા સ્થળ |
|---|---|
| ૨૪ થી ૩૦-૧૨-૨૦૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર, **કેશોદ.** મો. ૯૯૯૭૮૭૦૯૦૦૯ |
| ૬ થી ૧૨-૧-૨૦૧૯ | શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, કોર્ણાક-પુરી રોડ, **જગન્નાથપુરી** (ઓરિસ્સા). |
| ૬ થી ૧૩-૨-૨૦૧૯ | શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, **જૂનાગઢ.** સંપર્ક :- મો. ૯૪૬૨૩૦૭૬૬ |
| ૧૪ થી ૨૦-૩-૨૦૧૯ | શ્રી સ્વા. મંદિર, સીમાડા-યોગીચોક, **સુરત.** મો. ૯૦૯૯૯૯૯૬૨૧ |
| ૩૦ થી ૫-૪-૨૦૧૯ | **રાજકોટ.** મો. ૯૮૭૯૭૧૨૭૬૮ |
| ૧૩ થી ૧૯-૪-૨૦૧૯ | મુ. **રાણપુર,** તા.ભેંસાણ, જી. જૂનાગઢ. સંપર્ક :- મો. |
| ૭ થી ૯-૫-૨૦૧૯ | મુ. **કલમ,** તા. જી. ભરુચ. સંપર્ક :- મો. ૯૪૨૭૧૫૬૫૨૯ |











**મહુવા શહેરને આંગણે ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના નવનિર્મિત શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરનું નિરક્ષણ કરતા તેમજ ખારગેટ સ્થિત મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજના દર્શનાર્થે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.**



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

# નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા કથાપારાયણ તિથિ-તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨૩-૧૨-૨૦૧૮ થી ૨૯-૧૨-૨૦૧૮ | માગશર વદ - ૧ થી માગશર વદ - ૮ | શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ | મારવેલા કોરીડેરની સામે, V.I.P રોડ, વેસુ **(સુરત)** સંપર્ક :- મો. ૭૬૨૨૮૮૪૭૪૭ |
| ૨ | ૩૦-૧૨-૨૦૧૮ થી ૫-૧-૨૦૧૯ | માગશર વદ - ૯ થી માગશર વદ - ૩૦ | શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ | સમર્પણ પાર્ટી પ્લોટની બાજુમાં, કુવાડવા રોડ, **રાજકોટ** સંપર્ક :- મો. ૯૮૨૫૦૭૭૪૫૪ |
| ૩ | ૬-૧-૨૦૧૯ થી ૧૨-૧-૨૦૧૯ | પોષ સુદ - ૧ થી પોષ સુદ - ૬ | દશાબ્દી મહોત્સવ શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ચણાકા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૧ |
| ૪ | ૧૨-૧-૨૦૧૯ થી ૨૦-૧-૨૦૧૯ | પોષ સુદ - ૬ થી પોષ સુદ - ૧૪ | ખાતમુહૂર્ત મહોત્સવ શ્રી સત્સંગિજીવન કથા | **'નૂતન શ્રી સ્વા. મુખ્ય મંદિરનું મેદાન' મહુવા** સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૨૨ |
| ૫ | ૨૨-૧-૨૦૧૯ થી ૨૮-૧-૨૦૧૯ | પોષ વદ -૨ થી પોષ વદ -૮ | દ્વિદશાબ્દી મહોત્સવ શ્રી સત્સંગિજીવન કથા | **ગાયત્રી મંદિરનું ગ્રાઉન્ડ, જલાલપોર રોડ, નવસારી** સંપર્ક :- મો. ૯૪૨૬૧૫૭૫૧૮ |
| ૬ | ૨૯-૧-૨૦૧૯ થી ૪-૨-૨૦૧૯ | પોષ વદ - ૯ થી પોષ વદ - ૩૦ | પંચદશાબ્દી મહોત્સવ શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ઉત્તરાજ**, તા. શિનોર, જી. વડોદરા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૭ | ૬-૨-૨૦૧૯ થી ૧૦-૨-૨૦૧૯ | મહા સુદ - ૨ થી મહા સુદ - ૫ | નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | **મહાપૂજાધામ - રાજકોટ** સંપર્ક :- મો. ૯૪૦૯૨૫૬૪૬૪ |
| ૮ | ૧૦-૨-૨૦૧૯ થી ૧૬-૨-૨૦૧૯ | મહા સુદ - ૫ થી મહા સુદ - ૧૧ | નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **પલાણા**, તા. નડિયાદ, જી. ખેડા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૯ | ૨૦-૨-૨૦૧૯ થી ૨૬-૨-૨૦૧૯ | મહા વદ - ૧ થી મહા વદ - ૮ | શ્રી સત્સંગિજીવન કથા રત્નાકર સમારોહ | **વૃતાલયવિહારીધામ, જાફરાબાદ, ગોધરા** સંપર્ક :- મો. ૯૮૯૮૦૪૭૬૬૫ |
| ૧૦ | ૨૮-૨-૨૦૧૯ થી ૬-૩-૨૦૧૯ | મહા વદ - ૧૦ થી મહા વદ - ૩૦ | રજત જયંતી મહોત્સવ શ્રી સત્સંગિજીવન કથા | મુ. **પીપળાવ**, તા. જી. આણંદ સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૧ | ૭-૩-૨૦૧૯ થી ૧૩-૩-૨૦૧૯ | ફાગણ સુદ - ૧ થી ફાગણ સુદ - ૭ | નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **મગનપુરા**, તા.માતર, જી. ખેડા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૨ | ૨૦-૩-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૧૯ | ફાગણ સુદ - ૧૪ થી ફાગણ વદ - ૧૧ | સત્સંગ વિચરણ શ્રી સત્સંગિજીવન કથા | **પીનર-લંડન (UK)** સંપર્ક :- મો. ૦૦૪૪૭૭૯૮૬૫૭૨૧૬ |
| ૧૩ | ૧૩-૪-૨૦૧૯ થી ૧૯-૪-૨૦૧૯ | ચૈત્ર સુદ - ૮ થી ચૈત્ર સુદ - ૧૫ | શ્રી સ્વા. મહોત્સવ શ્રી સત્સંગિજીવન કથા | **બોરિવલી, મુંબઈ** સંપર્ક :- ૦૨૨ ૨૮૯૦૩૭૧૭ |
| ૧૪ | ૨૦-૪-૨૦૧૯ થી ૨૬-૪-૨૦૧૯ | ચૈત્ર વદ - ૧ થી ચૈત્ર વદ - ૭ | રજત જયંતી મહોત્સવ શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ત્રાલસા**, તા. જી. ભરુચ સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૫ | ૨૮-૪-૨૦૧૯ થી ૪-૫-૨૦૧૯ | ચૈત્ર વદ - ૯ થી ચૈત્ર વદ - ૧૫ | શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ | **માણાવદર** સંપર્ક :- મો. ૯૪૨૬૨૩૦૭૬૬ |
| ૧૬ | ૫-૫-૨૦૧૯ થી ૧૧-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૭ | શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ | **સુરત** સંપર્ક :- મો. ૯૯૧૩૦૩૮૩૪૫ |
| ૧૭ | ૧૨-૫-૨૦૧૯ થી ૧૬-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૮ થી વૈશાખ સુદ - ૧૩ | નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **વેકરીયા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ સંપર્ક :- મો. ૯૮૨૪૪૬૭૮૦૫ |
| ૧૮ | ૧૭-૫-૨૦૧૯ થી ૨૧-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૧૪ થી વૈશાખ સુદ - ૩ | શ્રી સ્વામિનારાયણ બાળયુવા મહોત્સવ | **શ્રી સ્વા. મંદિર - સરધાર**, તા. જી. રાજકોટ સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૩ |

લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા લાઈવ પ્રસારણ નિહાળો

યુ-ટ્યુબ પર લાઈવ પ્રસારણ નિહાળો
sardharkatha
www.lakshya.tv




સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત શ્રી રાધારમણ દેવના પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં પૂ. મહંત સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી તથા ટ્રસ્ટીમંડળના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ **'પંચસેવા કલ્પ ઉદ્‌ઘાટન'**




ગઢડા પ્રદેશના **અમૃતવેલ** (તા. સાવરકુંડલા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં અ.નિ. સ.ગુ. શ્રી જયકૃષ્ણદાસજી સ્વામીની પુણ્યસ્મૃતિમાં ઉજવાયેલ **'શ્રી સ્વામિનરાયણ મહોત્સવ'** તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૭થી ૨૩-૧૧-૨૦૧૮)

Swaminarayan Chintan, December, 2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868




વડતાલ પ્રદેશના ઘોરા (ઉમરેઠ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ. પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વૈષ્ણવાચાર્ય જગદ્‌ગુરુ પ.પૂ. શ્રી વલ્લભાચાર્યજી મહોદયશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ‘દશાબ્દી મહોત્સવ’ તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ ‘શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ’ (તા. ૧ થી ૭-૧૧-૨૦૧૮)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007